Extra No. 210
©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII ] WEDNESDAY, AUGUST 05, 2026 / SRAVANA 14, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART -I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વડોદરા જિલ્લા માટેના વોટરપાર્કના નિયમો
(પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાય) - ૨૦૨૬

### જાહેરનામું

EC/CTZ/WS/ 4012/2026 :- ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧(૧૯૫૧નો મુંબઈ અધિનિયમ નં. ૨૨)ની કલમ ૩૩ની પેટા-કલમ (૧) ના ખંડ (w) હેઠળ મળેલી સત્તાની રૂએ, જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા આથી જાહેર જનતાની સલામતી સુનિશ્ચિત કરવા અને તમામ વોટરપાર્ક રાઈડસ અને વોટરપાર્કને લગત પ્રવૃત્તિઓના સંચાલન, સમારકામ, જાળવણી, ઉપયોગ અને નિરીક્ષણ માટે નીચે મુજબના નિયમો બનાવે છે.

૧. (૧) આ નિયમોને વડોદરા જિલ્લા માટેના વોટરપાર્કના નિયમો (પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાય)-૨૦૨૬ તરીકે ઓળખવામાં આવશે.

(૨) આ નિયમો અધિકૃત ગેઝેટમાં તેમના પ્રકાશનની તારીખથી અમલમાં આવશે.

(૩) આ નિયમો તે તમામ વોટરપાર્ક રાઈડસ અને તેને લગતી પ્રવૃત્તિને લાગુ પડશે જે આ નિયમોના અનુસુચિ-૧ (Schedule-1) માં વ્યાખ્યાયિત છે.

૨. વ્યાખ્યાઓ:

અન્યથા સંદર્ભ જરૂરી ન હોય તો આ નિયમોમાં,

(૧) "વોટરપાર્ક" એટલે જયાં એક કે તેથી વધુ પુલ અને વોટર રાઈડસ / સ્લાઈડસ ઈન્સ્ટોલ કરેલ હોય.

(૨) "લાઈફ ગાર્ડ" એટલે તાલીમ પામેલ વ્યકિત જે સુચનાઓનું પાલન કરાવીને અને કટોકટીમાં મદદ કરીને લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરે છે.

(૩) "ઉત્પાદક" એટલે જે કંપની વોટરપાર્કના સાધનો બનાવે છે અથવા સપ્લાય કરે છે.

(૪) "માલિક/સંચાલક" એટલે વોટરપાર્કની જાળવણી અને સંચાલન માટે જવાબદાર વ્યકિત કે સંસ્થા.

(૫) "નિવારક જાળવણી" એટલે સાધનો યોગ્ય રીતે કામ કરે અને ખરાબ ન થાય તે માટે અગાઉથી કરવામાં આવતું આયોજનબધ્ધ નિરીક્ષણ.

(૬) "સુરક્ષા ચિહનો" એટલે ગ્રાહકની સુરક્ષા માટેના નિયમો અને પ્રતિબંધો દર્શાવતા ચિહનો.

(૭) "વોટર સ્લાઇડ" એટલે ઢોળાવવાળું સાધન જેના પર પાણીના પ્રવાહ સાથે ગુરુત્વાકર્ષણ બળથી નીચે આવી શકાય.

(૮) "એડવર્સ ઇન્સીડન્ટ" એટલે,

(૮.૧) વોટરપાર્કમાં વોટર રાઇડસ પ્રવૃત્તિ દરમ્યાન વોટર રાઇડસ અનિયંત્રિત થવાના કારણે અકસ્માત સર્જાવાના સંજોગોમાં.

(૮.૨) વોટરપાર્ક રાઇડ્સ એકટીવીટીમાં પ્રીમાઇસીસની અંદર કે બહાર વ્યકિતને કોઇ પણ વસ્તુના સંપર્કમાં આવવાથી કોઇ પણ પ્રકારની ઇજા પહોંચે.

(૮.૩) કોઇ પણ પ્રકારની માળખાકીય , ઇલેકટ્રીકલ, જાળવણી, સમારકામ તેમજ વોટર એકટીવીટીમાં ઉત્પાદકે જણાવેલ માર્ગદર્શિકા સિવાયના ફેરફાર કરવાના કારણે અકસ્માત થવાના સંજોગોમાં.

(૯) "લાયકાત ધરાવતી વ્યકિત" એટલે કોઇ લાયકાત ધરાવતી વ્યકિત જેમ કે ચાર્ટડ એન્જિનિયર જે "ઇન્સ્ટિટ્યુશન ઓફ એન્જિનિયર્સ" દ્વારા માન્યતા પ્રાપ્ત, વ્યાવસાયિક અનુભવ ધરાવતા એન્જિનિયર.

(૧૦) "લાયકાત ધરાવતી નિરિક્ષણ સંસ્થા" એટલે કોઇ લાયકાત ધરાવતી સંસ્થા, જે ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇજેશન ફોર સ્ટાન્ડરડાઇઝેશન (ISO) 17020 Acredited Type 1 by NABCB માન્યતા ધરાવતી હોય.

(૧૧) "લાયસન્સિંગ ઓથોરિટી" એટલે પોલીસ કમિશ્નરેટ વિસ્તાર સિવાયના વિસ્તાર માટે જિલ્લા મેજિસ્ટ્રેટ, વોટરપાર્ક રાઇડ્સના સ્થાપન અને સંચાલન માટે લાયસન્સિંગ અધિકારી રહેશે.

(૧૨) "ડિસ્ટ્રીક્ટ વોટરપાર્ક કમિટી" એટલે લાયસન્સિંગ ઓથોરિટી દ્વારા રચાયેલ રાજ્ય સરકાર, બોર્ડ, કોર્પોરેશનના વર્ગ-૨ કક્ષાના અધિકારીથી નીચેના ન હોય તેવા ટેકનિકલ નિષ્ણાતોની સમિતિ.

(૧૩) "વોટરપાર્ક રાઇડસ" એટલે અનુસૂચિ -૧ (Schedule-1) માં દર્શાવેલ રાઇડસ.

## પ્રકરણ૧ (Chapter 1)

## વોટરપાર્કના ઇન્સ્ટોલેશન (સ્થાપન) માટેની પ્રક્રિયા

**૩. વોટરપાર્કના ઇન્સ્ટોલેશન માટેની પરવાનગી.** - (૧) જે કંપની, સંસ્થા અગર વ્યકિતને, વોટરપાર્ક ચલાવવાનો ઈરાદો હોય તેઓએ લાયસન્સિંગ ઓથોરિટી પાસેથી પૂર્વ પરવાનગી મેળવવામાં ન આવે ત્યાં સુધી વોટરપાર્ક ઇન્સ્ટોલ કરશે નહીં અથવા કરાવશે નહીં કે તેનું સંચાલન કરશે નહિ.

(૨) જે કોઇ વ્યક્તિ વોટરપાર્ક ઇન્સ્ટોલ કરવા ઈચ્છતી હોય તેણે નિયમોમાં નિયત થયેલ **નમુનો-અ (Form-A)** માં પૂર્વ પરવાનગી માટે અરજી કરવાની રહેશે અને સાથે **અનુસૂચિ -૩ (Schedule-3)** માં નિર્ધારિત કર્યા મુજબની ફી ભરવાની રહેશે.

(૩) લાયસન્સિંગ ઓથોરિટી આવી અરજી મળ્યેથી, ફાયરસેફટી (અગ્નિ સુરક્ષા), બિલ્ડિંગયુઝ અથવા માળખાકીય સ્થિરતા (સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી), આરોગ્ય અને સ્વચ્છતા, કરવેરા, ઇલેક્ટ્રિકલ અને મિકેનિકલ ઇન્સ્ટોલેશન સાથે, અથવા જરૂરી સંબંધિત દરેક સત્તાધિકારીઓ પાસેથી "ના વાંધા પ્રમાણપત્ર" (નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ/ NOC) મેળવવા માટે અરજી મોકલશે. અરજદારે આવી દરેક ઓથોરિટીને જરૂરી માહિતી પૂરી પાડવાની રહેશે જેથી સંબંધિત ઓથોરિટી " ના વાંધા પ્રમાણપત્ર " આપવા અંગે જરૂરી તપાસ કરી શકે.

(૪) સંબંધિત સત્તાધિકારીઓ પાસેથી યોગ્ય ચકાસણી કર્યા પછી "ના વાંધા પ્રમાણપત્ર" (નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ/NOC) મળ્યા બાદ, લાયસન્સિંગ ઓથોરિટી વોટરપાર્ક રાઇડસ તેમજ તે લગત પ્રવૃત્તિઓ માટેની પરવાનગી આપતા પહેલા ડિસ્ટ્રિક્ટ વોટર પાર્ક સેફટી કમિટીની ભલામણો મેળવી શકે છે.

(૫) લાયસન્સિંગ ઓથોરિટી, જરૂર જણાયે ડિસ્ટ્રિક્ટ વોટરપાર્ક સેફટી કમિટીની ભલામણો પર વિચાર કરશે, અને આ નિયમોના જોડાણ-૪ (Annexure-4)માં દર્શાવેલ સામાન્ય જરૂરીયાતોની ચકાસણી કર્યા પછી, તેને યોગ્ય લાગે તેવા નિયમો અને શરતો પર નમુનો - બ (Form-B) માં ઇન્સ્ટોલેશનની પરવાનગી આપી શકે છે અથવા અરજી મળ્યાના સાઈઠ (૬૦) દિવસની અંદર આવી અરજી લેખિતમાં નકારી શકે છે.

(૬) ઓપરેશન લાયસન્સ મેળવવા માટે ઇન્સ્ટોલેશનની પરવાનગી બે વર્ષથી વધુ સમય માટે માન્ય રહેશે નહીં; જો ઇન્સ્ટોલેશનનું કામ સમયમર્યાદા કરતા વધી જાય, તો અરજદારે લાયસન્સિંગ ઓથોરિટી પાસે સમય વધારવા (extension) અંગે જાણ કરવાની રહેશે. લાયસન્સિંગ ઓથોરિટી, સમય વધારવા અંગેના કારણો પર વિચાર કર્યા પછી, નક્કી કરશે કે સમયમર્યાદા વધારવી કે પરમિટ રદ કરવી.

(૭) જો લાયસન્સિંગ ઓથોરિટીને જણાય કે ઈન્સ્ટોલેશનની કામગીરીમાં પરમિટની શરતોનું ઉલ્લંઘન કરવામાં આવી રહયુ છે, તો તે પરવાનગીને તાત્કાલિક અસરથી રદ કરી શકે છે.

(૮) આ નિયમો અમલમાં આવ્યા પૂર્વે અગાઉથી કાર્યરત હોય તેવા વોટરપાર્કને આ નિયમોના નિયમ-૩તથા તેના પેટા નિયમની જોગવાઇ લાગુ પડશે નહી.

**૪. ઈન્સ્ટોલેશનના કામના સંદર્ભમાં ડિઝાઇન અને સ્પષ્ટીકરણો વિગેરેમાં ફેરફાર (deviation) ના કિસ્સામાં પૂર્વ મંજૂરી. -**

(૧) વોટરપાર્ક રાઇડસ ઈન્સ્ટોલેશન પહેલાં, તે દરમિયાન અથવા તે પછી ડિઝાઇન અને સ્પષ્ટીકરણો અથવા સૂચિત ઈન્સ્ટોલેશન પદ્ધતિ અને પ્રોગ્રામમાં કોઈપણ ફેરફાર, જો ઈન્સ્ટોલેશન પૂર્ણ થયા પછી કરવામાં આવે તો વોટરપાર્કમાં મોટો ફેરફાર ગણાશે, તથા તેને ઈન્સ્ટોલેશન લાયસન્સ દ્વારા અધિકૃત ડિઝાઇન અને સ્પષ્ટીકરણો અથવા સૂચિત ઈન્સ્ટોલેશન પદ્ધતિ અને પ્રોગ્રામમાં નોંધપાત્ર ફેરફાર (material deviation) માનવામાં આવશે.

(૨) લાયસન્સિંગ ઓથોરિટી, જો તેને યોગ્ય લાગે તો, વોટરપાર્ક રાઇડના સંચાલક દ્વારા કરવામાં આવેલી અરજી પર, અધિકૃત ડિઝાઇન અને સ્પષ્ટીકરણો અથવા અધિકૃત ઈન્સ્ટોલેશન પદ્ધતિ અને પ્રોગ્રામમાંથી કોઈપણ ફેરફાર માટે તેની મંજૂરી આપી શકે છે.

(૩) પેટાનિયમ (૨) હેઠળની અરજી લાયસન્સિંગ ઓથોરિટીને યોગ્ય લાગે તે રીતે કરવી જોઇશે અને તેમાં –

(a) અરજદાર દ્વારા જરૂરી ફેરફાર અને તેના કારણો નિર્દિષ્ટ કરવાના રહેશે; અને

(b) તેનીસાથે –

(i) ફેરફાર માટે વોટરપાર્કના ડિઝાઇનર અથવા ઉત્પાદકની લેખિત મંજૂરી; અને

(ii) લાયસન્સિંગ ઓથોરિટી દ્વારા જરૂરી હોય અને રજુ કરવા જણાવવામા આવે તેવા અન્ય દસ્તાવેજો અને વિગતો હોવી જોઈએ.

(૪) જ્યાં, પેટા-નિયમ (૩) હેઠળ કરવામાં આવેલી અરજીના અનુસંધાને, લાયસન્સિંગ ઓથોરિટી અધિકૃત ડિઝાઇન અને સ્પષ્ટીકરણો અથવા અધિકૃત ઈન્સ્ટોલેશન પદ્ધતિ અથવા પ્રોગ્રામમાંથી કોઈપણ ફેરફાર માટે તેની મંજૂરી આપવાનું નક્કી કરે, ત્યારે લાયસન્સિંગ ઓથોરિટી, ઈન્સ્ટોલેશન લાયસન્સ ધારકને નીચે મુજબ લેખિતમાં નિર્દેશ જાહેર કરશે –

(a) વોટરપાર્કની અધિકૃત ડિઝાઇન અને સ્પષ્ટીકરણો અથવા અધિકૃત ઈન્સ્ટોલેશન પદ્ધતિ અને પ્રોગ્રામમાં મંજૂર કરાયેલ ફેરફારને નિર્દિષ્ટ કરતા; અને

(b) વોટરપાર્કના સંચાલકશ્રીએ મંજૂર કરાયેલા ફેરફારના સંદર્ભમાં લાયસન્સિંગ ઓથોરિટી નકકી કરે તેવી શરતોનું પાલન કરવાનું રહેશે.

**૫. વોટરપાર્ક રાઈડ્સના ઈન્સ્ટોલેશનનું સુપરવિઝન (દેખરેખ).** - (૧) વોટર પાર્કના ઈન્સ્ટોલેશનનું સુપરવિઝન કરતી ક્વોલિફાઇડ વ્યક્તિ/ઓ –

(a) ઈન્સ્ટોલેશનની કામગીરી અને પરીક્ષણો હંમેશા નીચે મુજબ છે તેની ખાતરી કરવા માટે નિયમિત નિરીક્ષણ કરશે,

(i) વોટરપાર્કની અધિકૃત ડિઝાઇન, સ્પષ્ટીકરણો અને ઈન્સ્ટોલેશનપદ્ધતિ;

(ii) ઈન્સ્ટોલેશન પરમિટની શરતો;

(iii) આ નિયમોના જોડાણ-૧ (Annexure-1) મુજબના ચેકલિસ્ટ અનુસાર ડિઝાઇન અને સ્પષ્ટીકરણોની સમીક્ષા;

(iv) વોટરપાર્ક રાઇડસના ઉત્પાદન અથવા ઈન્સ્ટોલેશન દરમિયાન લાગુ કરાયેલ કોઈપણ ગુણવત્તા ખાતરી (quality assurance) પ્રોગ્રામ;

(v) ઈન્સ્ટોલેશન કામગીરી અંગે લાયસન્સિંગ ઓથોરિટી દ્વારા આપવામાં આવેલ નિર્દેશો; અને

(vi) જોડાણ-૨ (Annexure-2) માં નિર્ધારિત કરેલ જરૂરિયાતો;

અને ઈન્સ્ટોલેશનની કામગીરી પૂર્ણ થયા પછી, ક્વોલિફાઇડ વ્યક્તિ/ઓએ પ્રમાણપત્ર આપવું જોઇશે, જે પ્રમાણિત કરશે કે તેમણે કામગીરીનું સુપરવિઝન, ચકાસણી અને નિરીક્ષણ કર્યું છે.

(b) જ્યાં નિયમ-4 હેઠળ લાયસન્સિંગ ઓથોરિટી દ્વારા ફેરફારની મંજૂરી આપવામાં આવી હોય, ત્યાં ખાતરી કરવી કે ફેરફાર યોગ્ય રીતે કરવામાં આવ્યો છે અને નકકી કરેલી શરતોનું પાલન થયું છે.

(c) ક્વોલિફાઇડ વ્યક્તિ/ઓ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની ચકાસણી "ડિસ્ટ્રિક્ટ વોટરપાર્ક કમિટી" વડોદરા જિલ્લા દ્વારા કરવામાં આવશે.

(૬) વોટરપાર્કના આયોજક અથવા લાઇસન્સધારકે આ નિયમોમા વ્યાખ્યાયિત"લાયકાત ઘરાવતી નિરિક્ષણ સંસ્થા" મારફત વોટરપાર્ક/વોટરપાર્ક રાઇડ્સનું વાર્ષિક ધોરણે થર્ડ પાર્ટી નિરીક્ષણ કરાવવાનુ રહેશે તથા નિરીક્ષણ અહેવાલ વડોદરા જિલ્લાની "ડિસ્ટ્રિક્ટ વોટરપાર્ક કમિટી" તથા લાઇસન્સિંગ ઓથોરિટી (લાઇસન્સ આપનાર સત્તાધિકારી) ને રજુ કરશે.

## પ્રકરણ૨ (Chapter 2)

## વોટરપાર્કના સંચાલન (Operation) માટેનીપ્રક્રિયા

**૭. વોટરપાર્કના સંચાલન માટેનું લાયસન્સ.** - (૧) કોઈપણ વ્યક્તિ જિલ્લા મેજિસ્ટ્રેટ પાસેથી માન્ય લાયસન્સ મેળવ્યા વિના, કોઈ પણ સંજોગોમાં વોટરપાર્કનું સંચાલન શરૂ કરશે નહીં.

(૨) જે વ્યક્તિ સંચાલન કરવા ઈચ્છતી હોય તેણે નમુનો - અ (Form-A) માં લાયસન્સ માટે અરજી કરવાની રહેશે અને અનુસૂચિ- ૩ (Schedule-3) મુજબની ફી ભરવાની રહેશે.

(૩) લાયસન્સિંગ ઓથોરિટી આવી અરજી મળ્યા પછી, તેને ફાયરસેફ્ટી, બિલ્ડિંગયુઝ, હેલ્થ એન્ડ સેનીટેશન, સ્ટ્રકચરલ સ્ટેબીલીટી અથવા જરૂર જણાય તેવા વિભાગો અને ડિસ્ટ્રિક્ટ વોટરપાર્ક કમિટીને અભિપ્રાય માટે મોકલશે. સંબંધિત સત્તાવાળાઓ પાસેથી નાવાંધા પ્રમાણપત્ર, "ડિસ્ટ્રીક્ટ વોટરપાર્ક કમિટી"નો અભિપ્રાય, જે કિસ્સામાં હોય તે મુજબ, અને આ નિયમોના જોડાણ-૪ (Annexure-4) માં ઉલ્લેખિત સામાન્ય જરૂરિયાતોને ચકાસ્યા પછી, આવા નિયમો અને શરતોને આઘીન વોટરપાર્કના સંચાલન માટે નમુનો- ગ (Form-C) માં લાયસન્સ મંજૂર કરી શકે છે અથવા અરજી મળ્યાના સાઠ (60) દિવસના સમયગાળામાં લેખિતમાં અરજી નકારી શકે.

(૪) આ નિયમો હેઠળ આપવામા આવેલ કોઇ પણ લાઇસન્સ, જયાં સુઘી તેની મુદત અગાઉ સમાપ્ત થઈ ગઇ ન હોય અથવા રદ કરવામાં આવ્યું ન હોય અથવા સ્થગિત કરવામાં આવ્યું ન હોય ત્યાં સુઘી આવા સમયગાળા માટે માન્ય રહેશે અથવા અરજીમાં ઉલ્લેખિત સમયગાળા માટે અથવા નવીન લાઇસન્સ માટે ૩ વર્ષથી વધુ ન હોય તેવા સમયગાળા માટે અને લાયસન્સના નવીકરણ માટે ૨ વર્ષ માટે, ઓપરેટિંગ પરમિટમાં ઉલ્લેખિત કર્યા મુજબ, તેના આપવામાં આવ્યા તારીખથી શરૂ થતા જે ઓછું હોય તે સમયગાળા માટે અમલમાં રહેશે.

**૮. નવું ઓપરેટિંગ લાઈસન્સ આપવા અથવા રિન્યુઅલ માટે વોટરપાર્કનું નિરીક્ષણ.** - (૧) વોટરપાર્ક/વોટરપાર્ક રાઇડ્સનું નિરીક્ષણ અને પ્રમાણપત્ર આપનાર લાયકાત ધરાવતી વ્યક્તિ/ઓ કે જેના સંબંધમાં ઓપરેટિંગ લાયસન્સની મંજૂરી અથવા નવીકરણ માંગવામાં આવી રહ્યું છે તે જોડાણ-૧ (Annexure-1)માં ઉલ્લેખિત વોટરપાર્કના પાસાઓની સમીક્ષા કરશે. જે કિસ્સામાં હોય તે મુજબ, લાયકાત ધરાવતી વ્યક્તિ/ઓ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની ચકાસણી "ડિસ્ટ્રિક્ટ વોટરપાર્ક કમિટી", વડોદરા દ્વારા કરવામાં આવશે

(૨) નવીન લાયસન્સ મેળવવા તથા રિન્યુઅલ માટે, નિરીક્ષણ માટે રજુ કરવાના પુરાવા / દસ્તાવેજો અને પરીક્ષણ અહેવાલોની સૂચિ જોડાણ-૩ ((Annexure-3)માં ઉલ્લેખિત મુજબની રહેશે.

**૯. નવીન ઓપરેશનલ લાયસન્સ આપવા, રીન્યુ કરવા સમયગાળો નિર્ધારીત કરવા બાબત** - (૧) ઓપરેશનલ લાયસન્સ –

(a) જયાં સુઘી તેની મુદત અગાઉ સમાપ્ત થઈ ગઇ ન હોય અથવા રદ કરવામાં આવ્યું ન હોય અથવા સ્થગિત કરવામાં આવ્યું ન હોય ત્યાં સુઘી આવા સમયગાળા માટે માન્ય રહેશે અથવા અરજીમાં ઉલ્લેખિત સમયગાળા માટે અથવા નવીન લાઇસન્સ માટે ૩ વર્ષથી વધુ ન હોય તેવા સમયગાળા માટે અને લાયસન્સના નવીકરણ માટે ૨ વર્ષ માટે, ઓપરેટિંગ પરમિટમાં ઉલ્લેખિત કર્યા મુજબ, તેના આપવામાં આવ્યા તારીખથી શરૂ થતા જે ઓછું હોય તે; અને

(b) ઓપરેશન લાયસન્સના રિન્યુઅલ માટેની આવી અરજી આવા લાયસન્સની મુદત સમાપ્તિ તારીખના ૪૫ દિવસ પહેલા નમુનો-અ (Form-A)માં સંબંધિત લાયસન્સિંગ ઓથોરિટીને કરવી જોઇશે.

(2) ઓપરેટિંગ લાયસન્સના રિન્યુઅલ માટેની અરજી લાયસન્સિંગ ઓથોરિટીને નિર્ધારિત જરૂરિયાતો અને અનુસૂચિ-૩ (Schedule-3) માં નિર્ધારિત ફી અનુસાર કરવામાં આવશે.

(૩) લાયસન્સિંગ ઓથોરિટી આવી અરજી મળ્યા પછી, તેને ફાયરસેફ્ટી, બિલ્ડિંગયુઝ અથવા માળખાકીય સ્થિરતા(સ્ટ્રક્ચરલ સ્ટેબીલીટી), આરોગ્ય અને સ્વચ્છતા, કરવેરા, ઇલેક્ટ્રિકલ અને મિકેનિકલ ઇન્સ્ટોલેશન અને "ડિસ્ટ્રિક્ટ વોટરપાર્ક કમિટી" સાથે સંબંધિત દરેક સત્તાવાળાઓ પાસેથી "ના વાંધા પ્રમાણપત્ર" મેળવવા માટે મોકલી શકે છે, સંબંધિત સત્તાવાળાઓ પાસેથી "ના વાંધા પ્રમાણપત્ર", અને "ડિસ્ટ્રિક્ટ વોટરપાર્ક કમિટી"ના અભિપ્રાયને ધ્યાનમાં લીધા પછી આ નિયમોના જોડાણ-૪ (Annexure-4)માં ઉલ્લેખિત સામાન્ય જરૂરિયાતને ચકાસ્યાપછી, વોટર પાર્કના સંચાલન માટે નમુનો-ગ (Form-C)માં લાયસન્સ આવા નિયમો અને શરતો પર રિન્યુ કરશે અથવા અરજી મળ્યાના સાઠ (60) દિવસના સમયગાળામાં લેખિતમાં અરજી નકારી શકે.

**૧૦. વોટરપાર્ક/વોટરપાર્ક રાઇડસનું નિરીક્ષણ.** - વડોદરા જિલ્લાની "ડિસ્ટ્રિક્ટ વોટરપાર્ક કમિટી" વોટરપાર્ક/વોટરપાર્ક રાઇડસનું વાર્ષિક ધોરણે નિરીક્ષણ કરશે અને વિગતવાર નિરીક્ષણ અહેવાલ તૈયાર કરશે અને તેને લાઇસન્સિંગ ઓથોરિટી (લાઇસન્સ આપનાર સત્તાધિકારી) ને રજુ કરશે.

**૧૧. ઓપરેટિંગ લાઇસન્સ રદ થવું (Lapsing), પાછું ખેંચવું (revocation) અને સ્થગિત કરવું (suspension). -**

(૧) નીચેની સ્થિતિમાં ઓપરેટિંગ લાઇસન્સ આપમેળે રદ ગણાશે–

(a) જો તેના ધારક/પરવાનેદાર (holder) –

(i) વોટરપાર્કના ઓપરેટર તરીકે બંધ થઈ જાય;

(ii) મૃત્યુપામે, વોટર પાર્ક બંધ કરવામાં આવે(wound up) અથવા અન્યથા વિસર્જન કરવામાં આવે (dissolved); અથવા

(b) જો આ નિયમો હેઠળ જરૂરી વીમો અમલમાં ન રહે; અથવા

(c) લાયસન્સિંગ ઓથોરિટી દ્વારા નિર્ધારિત કરવામાં આવે તેવી અન્ય ઘટના અથવા અન્ય સંજોગોમાં.

(d) ઉત્પાદક દ્વારા નિર્ધારિત વોટરપાર્ક રાઇડસનો કાર્યકાળ પૂર્ણ થઈ જાય.

(૨) લાયસન્સિંગ ઓથોરિટી ઓપરેટિંગ લાયસન્સ રદ કરી શકે છે જો –

(a) લાયસન્સિંગ ઓથોરિટીના મતે, ઓપરેટિંગ લાઇસન્સના ધારકે(પરવાનેદારે) ઉલ્લંઘન કર્યું છે અથવા ઉલ્લંઘન કરી રહ્યો છે, અથવા વોટરપાર્કનું સંચાલન એ રીતે કરવામાં આવ્યું છે અથવા કરવામાં આવી રહ્યું છે કે જે ઉલ્લંઘન કરે છે –

(i) ઓપરેટિંગ લાયસન્સની કોઈ પણ શરતનું;

(ii) કોઈ પણ નિર્ધારિત (જરૂરી) આવશ્યકતાઓનું; અથવા

(iii) વોટર પાર્કના સંચાલનના સંદર્ભમાં લાયસન્સિંગ ઓથોરિટી દ્વારા આપવામાં આવેલી કોઈપણ દિશા/સૂચનાનું.

(iv) લાયસન્સિંગ ઓથોરિટી પાસે એ માનવા માટેનું કારણ હોય કે ઓપરેટિંગ લાયસન્સ છેતરપિંડી અથવા ખોટા પુરાવાઓ રજુ કરી મેળવવામાં આવ્યું હતું;

(b) લાયસન્સિંગ ઓથોરિટીને એવા કોઈપણ સંજોગોની જાણ થાય છે કે જે માટે તેને ઓપરેટિંગ લાયસન્સ આપવાની ના પાડવા/ ઇનકાર કરવાની આવશ્યકતા હોત અથવા તેને મંજૂરી આપી હોત જો લાઇસન્સિંગ ઓથોરિટીને ઓપરેટિંગ લાયસન્સ આપવાના તરત જ પહેલાં તે સંજોગો વિશે જાણ હોત;

અથવા

(c) લાયસન્સિંગ ઓથોરિટી ઓપરેટિંગ લાયસન્સ રદ કરવાનું જાહેર હિતમાં માને છે.

(૩) લાયસન્સિંગ ઓથોરિટી જો તેને આમ કરવું ઇચ્છનીય લાગેતો કરી શકે છે.–

(a) પેટા-નિયમ(૨) હેઠળ તેને રદ કરવાને બદલે ચોક્કસ સમયગાળા માટે ઓપરેટિંગ લાયસન્સ મોકૂફ કરશે.

; અથવા

(b) કોઈ પણ સમયે મોકૂફી (suspension) લંબાવી શકે છે અથવા રદ કરી શકે છે.

(૪) પેટા-નિયમ (5) ને આધીન, લાયસન્સિંગ ઓથોરિટી (લાઈસન્સ આપનાર સત્તાધિકારી) લાયસન્સ ધારકને સાંભળવાની તક આપ્યા વિના પેટા-નિયમ (2) અથવા (3) હેઠળ ઓપરેટિંગ લાયસન્સ રદ અથવા મોકૂફ કરશે નહીં.

(૫) લાયસન્સિંગ ઓથોરિટી લાયસન્સ ધારકને સાંભળવાની તક આપ્યા વિના ઓપરેટિંગ લાયસન્સ રદ અથવા સ્થગિત કરી શકે છે જો –

(a) ઓપરેટિંગ લાયસન્સનો ધારક (પરવાનેદાર / સંચાલક) –

(i) નાદાર જાહેર કરવામાં આવ્યો હોય અથવા જોડાણ (amalgamation) અથવા પુનર્ગઠન (reconstruction)ના હેતુ સિવાયના કારણોસર ફરજિયાત અથવા સ્વૈચ્છિક સમાપ્તિ (liquidation)માં ગયો હોય; અથવા

(ii) લાયસન્સધારક ધ્વારા વોટરપાર્ક બંધ કરવાની (wound up) અથવા અન્યથા વિસર્જન (dissolved) કરવાની પ્રક્રિયામાં હોય;

(b) ઓપરેટિંગ લાયસન્સધારક (પરવાનેદાર/ સંચાલક) નીચે મુજબના ગુનામાં દોષિત ઠર્યો હોય –

(i) આ નિયમો અથવા અન્ય પ્રવર્તમાન કાયદા હેઠળનો ગુનો; અથવા

(ii) છેતરપિંડી અથવા અપ્રમાણિકતા સાથે સંકળાયેલો ગુનો અથવા જેના માટે એવી તપાસમાં દોષિત ઠર્યો હોય કે તેણે કપટપૂર્વક અથવા અપ્રમાણિકતાથી કામ કર્યું હતું; અથવા

(c) ઓપરેટિંગ લાયસન્સધારક (પરવાનેદાર/સંચાલક) દ્વારા ચલાવવામાં આવતી વોટરપાર્કની અગ્નિશમન અને બચાવ વ્યવસ્થાપન પ્રણાલી (fire and rescue management system) ના સંદર્ભમાં અપાયેલું પ્રમાણપત્ર (certificate of compliance) સંબંધિત લાયસન્સિંગ ઓથોરિટીએ પરત ખેંચી લીધું હોય./ રદ કર્યું હોય

(૬) જો કોઈ ચોક્કસ રાઈડને લાયસન્સિંગ ઓથોરિટીની પૂર્વ પરવાનગી વિના સ્થાનાંતરિત કરવામાં આવે અથવા તોડી પાડવામાં આવે અથવા તેમાં મોટો ફેરફાર (major modification) કરવામાં આવે, તો તે રાઈડ ચલાવવાનું લાઈસન્સ આપમેળે રદ અથવા સમાપ્ત થઈ જશે.

**૧૨. વોટરપાર્ક / વોટરપાર્ક રાઈડસમાં મોટા ફેરફારો (Major modifications).** - આ નિયમોના હેતુઓ માટે, વોટરપાર્કમાં મોટા ફેરફારનો અર્થ અનુસૂચિ-૨ (Schedule-2)માં નિર્દિષ્ટ કોઈ પણ ફેરફારો, ફેરબદલ અથવા કામો ગણાશે.

**૧૩. વોટરપાર્કની ડિઝાઈન, ઈન્સ્ટોલેશન, ઓપરેશન વગેરે માટે નિર્ધારિત જરૂરિયાતો.** - (૧) વોટરપાર્કની ડિઝાઈન અને વિશિષ્ટતાઓ, સૂચિત ઈન્સ્ટોલેશન પદ્ધતિ અને પ્રોગ્રામ, સૂચિત ફેરફાર પદ્ધતિ અને પ્રોગ્રામ, ઈન્સ્ટોલેશનના કામો, ફેરફારના કામો, સ્થાનાંતરણના કામો અને સંચાલન અને જાળવણીના સંદર્ભમાં નિર્ધારિત જરૂરિયાતો નીચે મુજબ રહેશે.

(a) જે તે સમયે ઈન્સ્ટોલેશન પરમિટ, ઓપરેટિંગ પરમિટ, ઓપરેટિંગ પરમિટના નવીનીકરણ અથવા ફેરફાર (modification) પરમિટ માટે અરજી કરવામાં આવી હોય ત્યારે તે વોટરપાર્કના સંદર્ભમાં લાગુ પડતા ધોરણો અથવા નિયમો;

(b) જો તે વોટરપાર્કના સંદર્ભમાં એક કરતા વધુ લાગુ ધોરણો અથવા નિયમો હોય, તો તે લાગુ ધોરણો અથવા નિયમો કે જેના માટે અરજદાર કે જેણે, ઈન્સ્ટોલેશન પરમિટ, ઓપરેટિંગ લાયસન્સ, ઓપરેટિંગ પરમિટના નવીકરણ અથવા ફેરફાર (modification) પરમિટના ધારકે, અરજી અથવા પરમિટમાં દર્શાવ્યા મુજબ, જે તે કિસ્સામાં અનુરૂપ થવાનું પસંદ કર્યું હોય; અને

(૨) જ્યાં લાગુ પડતા ધોરણ અથવા નિયમોમાંની કોઈ પણ જોગવાઈ આ નિયમો સાથે અસંગત હોય, ત્યાં લાગુ ધોરણ અથવા નિયમોમાંની આવી જોગવાઈ, અસંગતતાની મર્યાદા સુધી, કાંતો આવા નિયમોને આધીન રહેશે અથવા જ્યાં યોગ્ય હોય ત્યાં આવા નિયમોને ધ્યાનમાં લેતા તે અમલી રહેશે નહીં.

**૧૪. પ્રતિકૂળ ઘટનાઓ (Adverse incidents).** - પ્રતિકૂળ ઘટના એટલે:

(a) વોટરપાર્કરાઈડસના કોઈ પણ ઈન્સ્ટોલેશન, મોટા ફેરફાર, નાના ફેરફાર અથવા સ્થાનાંતરણથી ઉદ્ભવતો કોઈ પણ અકસ્માત;

(b) રાઈડના અનિયંત્રિત સંચાલનનો કોઈ પણ પ્રસંગ જે ગ્રાહકને ઈજા પહોંચાડી શકે છે;

(c) વોટરપાર્ક રાઈડસના સંચાલન દરમિયાન અને તરતજ પછી ફાઉન્ડેશન, સ્ટ્રક્ચર અથવા અન્ય કોઈ પણ ઘટક અથવા ઉપકરણમાં કોઈ પણ ફેરફાર અથવા ખામી ઉપસ્થિત થવાના કિસ્સામાં આયોજકે (Organizer) આવી દરેક પ્રતિકૂળ ઘટનાઓની લેખિતમાં લાયસન્સિંગ ઓથોરિટીને જાણ કરવાની રહેશે અને જ્યાં સુધી કામગીરી માટે પરત મંજૂરી આપવામાં ન આવે ત્યાં સુધી રાઈડનું સંચાલન બંધ રાખવું પડશે.

**૧૫. વીમા કવચની લઘુત્તમ મર્યાદા.** - આયોજક પાસે વીમાનું માન્ય 'થર્ડ-પાર્ટી લાયબિલિટી' (ત્રીજા પક્ષની જવાબદારી) કવરેજ હોવું આવશ્યક છે, જે મૃત્યુ અથવા કાયમી વિકલાંગતાના કિસ્સામાં પ્રતિ ગ્રાહક 30 લાખથી ઓછું ન હોવું જોઈએ, કાયમી આંશિક વિકલાંગતાના કિસ્સામાં રૂ. 7.5 લાખ સુધી અને ઈજા માટે હોસ્પિટલમાં દાખલ થવાના ખર્ચ તરીકે રૂ. 2 લાખ સુધી હોવું જોઈએ.

**૧૬. વોટરપાર્કના આયોજક અથવા લાયસન્સધારકની ફરજો.** - (૧) વોટરપાર્કના આયોજક અથવા લાયસન્સધારકે:

(a) આ નિયમોમાં વ્યાખ્યાયિત લાયકાત ધરાવતી વ્યક્તિ/ઓની નિમણૂક કરશે;

(b) આગની ઘટનાઓની સલાહ આપવા અને તપાસવા માટે ફાયર સેફ્ટીની લાયકાત ધરાવતી વ્યક્તિની નિમણૂક કરશે, જે પરિસરમાં દૈનિક ધોરણે તેની ફરજો બજાવશે;

(c) પેટા-નિયમ (b) હેઠળ નિમાયેલ ફાયર ઓફિસર કામગીરીના કલાકો દરમિયાન અને જ્યારે જરૂર પડે ત્યારે પ્રથમ પ્રતિસાદ આપનાર વ્યક્તિ (first responding person) તરીકે પ્રવૃત્તિના સ્થળે અથવા પરિસરમાં હાજર રહેશે તે અંગેની ખાતરી કરશે;

(d) પુરતા પ્રમાણમા મહિલા સુરક્ષા સ્ટાફની નિમણૂક કરવાની રહેશે.

(e) સંચાલક, લાઈસન્સ ધારક તથા સ્ટાફનુ ફરજીયાત પોલીસ વેરિફિકેશન કરાવવાનુ રહેશે.

(f) યોગ્ય પાર્કિંગ સુવિધાઓ, પીવાનું પાણી, વોશરૂમ અને પ્રાથમિક સારવાર (first aid) જેવી પાયાની સુવિધાઓ પૂરી પાડશે;

(g) બુકિંગ કાઉન્ટર, વોટરપાર્ક પ્રવેશ-નિકાસદ્વાર (એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ) અને પાર્કિંગ, સી.સી.ટી.વી. (CCTV) દેખરેખ હેઠળ આવરી લેવામાં આવ્યા છે કે નહિ તે, તેમજ તેમાં ઓછામાં ઓછા ત્રીસ દિવસ માટે વિડિયો ફૂટેજના સંગ્રહની સુવિધા છે કે નહિ તે સુનિશ્ચિત કરશે;

(h) કોઈપણ સમયે પરિસરમાં હાજર કુલ વ્યક્તિઓની સંખ્યા પરિસરની કુલ ક્ષમતા કરતા વધુ ન હોવી જોઈએ તે સુનિશ્ચિત કરશે;

(i) વોટરપાર્ક રાઈડસ સુરક્ષિત કાર્યકારી સ્થિતિમાં જાળવવામાં આવે છે કે કેમ તે સુનિશ્ચિત કરશે અને,

(j) વોટરપાર્ક રાઈડસની જાળવણી અને સલામતી અંગે લાયસન્સિંગ ઓથોરિટી (લાઈસન્સ આપનાર સત્તાધિકારી) સમયાંતરે જે નિર્દેશો આપે તેનું પાલન કરશે. વોટરપાર્કના દૈનિક નિયમિત ધોરણે સંચાલન અને જાળવણી માટે આ નિયમો હેઠળ વ્યાખ્યાયિત કર્યા મુજબ દૈનિક નિયમિત ધોરણે આવશ્યક ઓપરેટર માટે જરૂરી કાર્યો કરવા માટે પૂરતી સંખ્યામાં લાયકાત ધરાવતી અને અનુભવી વ્યક્તિઓને કામે રાખવી, જે હેતુ માટે કામે રાખવામાં આવનાર વ્યક્તિઓની સંખ્યા નીચે મુજબથી ઓછી ન હોવી જોઈએ:

(i) વોટરપાર્ક રાઈડસના ડિઝાઈનર અથવા ઉત્પાદક, સંસ્થા, કંપની દ્વારા ભલામણ કરાયેલ અથવા નિર્દિષ્ટ વ્યક્તિઓની સંખ્યા; અથવા

(ii) આવી ભલામણ અથવા સ્પષ્ટીકરણની ગેરહાજરીમાં, વ્યક્તિઓની સંખ્યા:

(a) નિમણૂક કરાયેલ લાયકાત ધરાવતી વ્યક્તિ/ઓ દ્વારા નક્કી કર્યા મુજબ; અથવા

(b) લાયસન્સિંગ ઓથોરિટી દ્વારા નિર્દેશિત કર્યા મુજબ;

(k) પેટા-નિયમ (1) (j) મુજબ કાર્યરત દરેક વ્યક્તિને પર્યાપ્ત સૂચના, માહિતી, તાલીમ અને દેખરેખ પૂરી પાડવામાં આવે જે તે વ્યક્તિને તેના કાર્યો યોગ્ય રીતે કરવા માટે જરૂરી હોય (જેમાં વ્યક્તિ અને વોટરપાર્કના ગ્રાહકો જે જોખમોને પાત્ર છે અથવા હોઈ શકે છે તેના પરની સૂચનાઓ અને લેવાપાત્ર સુરક્ષા સાવચેતીના પગલાં સહિત) તે સુનિશ્ચિત કરવું અને દરેક વ્યક્તિ દ્વારા લેવામાં આવેલી કોઈ પણ તાલીમનો અદ્યતન રેકોર્ડ જાળવવો;

(l) જ્યાં વોટરપાર્કના સંદર્ભમાં એક કરતા વધુ ઓપરેટરોની નિમણૂક કરવામાં આવી હોય, ત્યાં આવા દરેક ઓપરેટરનું નામ અને તે કયા દિવસો અને કલાકો દરમિયાન ફરજ પર છે તે દર્શાવતું રોસ્ટર (પત્રક) જાળવવું;

(m) વોટરપાર્ક રાઈડસ દરેક સમયે નીચે જણાવ્યા અનુસાર સંચાલિત કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું –

(i) વોટર પાર્ક/વોટરપાર્ક રાઈડસના ડિઝાઈનર અથવા ઉત્પાદક દ્વારા નિર્દિષ્ટ જાળવણી જરૂરિયાતો; અથવા

(ii) ખંડ (i) માં ઉલ્લેખિત કોઈ પણ જાળવણી જરૂરિયાતોની ગેરહાજરીમાં, સંબંધિત વોટરપાર્ક રાઈડસના સંદર્ભમાં લાયકાત ધરાવતા નિયુક્ત કરાયેલ વ્યકિત/ઓ દ્વારા તૈયાર કરાયેલ અથવા સમર્થિત અન્ય જાળવણી જરૂરિયાતો...

(n) વોટરપાર્ક/વોટરપાર્ક રાઇડસ હમેંશા નીચે દર્શાવ્યા અનુસાર સંચાલિત થાય છે કે નહિ, તે સુનિશ્ચિત કરવું –

(i) વોટરપાર્ક રાઈડસના ડિઝાઇનર અથવા ઉત્પાદક દ્વારા સુચવવામાં આવેલી કાર્યકારી પ્રક્રિયાઓ (operational procedures); અથવા

(ii) ખંડ (i) માં ઉલ્લેખિત કોઈપણ કાર્યકારી પ્રક્રિયાઓ(operational procedures)ની ગેરહાજરીમાં, લાયકાત ધરાવતી વ્યક્તિ/ઓ દ્વારા તૈયાર કરાયેલ અથવા સુચવવામાં આવેલ અન્ય કાર્યકારી પ્રક્રિયાઓ;

(o) વોટરપાર્કના સુરક્ષિત સંચાલન અને જાળવણી માટે દરેક સમયે પર્યાપ્ત પ્રકાશ (લાઈટીંગ) પુરી પાડવામાં આવે છે કે કેમ તે સુનિશ્ચિત કરવું

(p) જ્યારે પણ લાયસન્સિંગ ઓથોરિટી (લાઈસન્સ આપનાર સત્તાધિકારી) દ્વારા જરૂર પડે ત્યારે, નિમણૂક કરાયેલ લાયકાત ધરાવતી વ્યક્તિ/ઓએ વોટરપાર્કના ઇન્સ્ટોલેશન, ઓપરેશન, ફેરફાર (modification), જાળવણી અથવા સ્થાનાંતરણને લગતા તમામ મેન્યુઅલ, પ્લાન, રિપોર્ટ અને અન્ય તમામ દસ્તાવેજો નિરીક્ષણ માટે ઉપલબ્ધ કરાવવા; અને

(q) ઓપરેટર દ્વારા નિભાવવામાં આવેલ વોટરપાર્કના દૈનિક નિયમિત સંચાલન અને જાળવણી માટેના દરેક રેકોર્ડ, દસ્તાવેજ અથવા લોગબુકને, તે રેકોર્ડ અથવા લોગબુક બનાવવામાં આવી હોય તે તારીખથી ઓછામાં ઓછા 5 વર્ષના સમયગાળા માટે સાચવી રાખવા. આવી લોગબુકની આયોજક (Organizer) દ્વારા સમયાંતરે ચકાસણી કરવાની રહેશે.

**(૨) વોટરપાર્કના સ્થળે વોટરપાર્કના આયોજક અથવા લાયસન્સધારકે –**

(a) દરેક વોટરપાર્કમાં ઉપલબ્ધ તમામ જળ આકર્ષણો (Water Attractions), જેમ કે વેવ પૂલ, એક્ટિવિટી પૂલ, ચિલ્ડ્રન પૂલ, લેઝી રિવર, વોટર સ્લાઇડ, લેન્ડિંગ પૂલ, સ્પ્લેશ ઝોન, સર્ફ સિમ્યુલેટર તથા અન્ય તમામ જળ સુવિધાઓ ઉપર કામગીરીના સમગ્ર સમયગાળા દરમિયાન સતત દેખરેખ માટે પ્રશિક્ષિત લાઇફગાર્ડ ફરજ પર રાખવા ફરજિયાત રહેશે તેમજ,

(b) લાયસન્સધારકે લાઇફગાર્ડના ફરજ અંગેના રોસ્ટર રજિસ્ટર નિભાવવાના રહેશે તથા લાઇફગાર્ડની તાલીમ અને પ્રમાણપત્રોની વિગતો નિરિક્ષણ માટે ઉપલબ્ધ કરાવવાની રહેશે.

(c)લાઇફ ગાર્ડના તમામ પ્રમાણપત્રો માન્ય અવધિ દરમિયાન હોવા જોઈએ તથા સમયાંતરે રિફ્રેશર તાલીમ (Refresher Training) પૂર્ણ કરેલી હોવી આવશ્યક રહેશે.

**(૩) વોટરપાર્કના સ્થળે વોટરપાર્કના આયોજક અથવા લાયસન્સધારકે –**

(a) હવામાન પર દેખરેખ રાખવા માટે લાયસન્સિંગ ઓથોરિટીને સ્વીકાર્ય હોય તેવી સિસ્ટમ અમલમાં મૂકવી અને વીજળી પડવી, વાવાઝોડું અથવા અન્ય પ્રતિકૂળ હવામાનના કિસ્સામાં ચોક્કસ સાવચેતી રાખવી; અને

(b) જ્યારે પણ હવામાનની સ્થિતિ એવી હોય કે જે વોટરપાર્કના સુરક્ષિત સંચાલનને જોખમમાં મૂકે તેવી શક્યતા હોય, ત્યારે અથવા લાયસન્સિંગ ઓથોરિટી દ્વારા આવી કોઇ સૂચના આપવામા આવે ત્યારે તમામ રાઈડનું સંચાલન બંધ કરવું.

**(૪) જ્યાં લાયસન્સિંગ ઓથોરિટી દ્વારા જરૂર હોય ત્યાં, વોટરપાર્કના ઓપરેટરે –**

(a) વોટરપાર્ક માટે લાયસન્સિંગ ઓથોરિટીને સ્વીકાર્ય હોય તેવી સંચાર પ્રણાલી (communications system) અમલમાં મૂકવી;

(b) ખાતરી કરવી કે વોટરપાર્કના સંચાલનમાં કાર્યરત દરેક વ્યક્તિને સંચાર પ્રણાલીના ઉપયોગ અંગે યોગ્ય તાલીમ આપવામાં આવે, જેમાં સંચાર પ્રણાલી દ્વારા જાહેરાતો (public announcements) કરવાનો પણ સમાવેશ થાય છે; અને

(c) સંચાર પ્રણાલી સારી રીતે કાર્યરત ન હોય ત્યાં સુધી વોટરપાર્ક ચલાવવામાં ન આવે તે સુનિશ્ચિત કરવું

(૫) વોટરપાર્કના આયોજક અથવા લાયસન્સ ધારકે વોટરપાર્કના પ્રવેશદ્વાર પર દરેક સમયે વોટરપાર્ક સંબંધિત નીચેની માહિતી દર્શાવતી નોટિસ મુખ્ય રીતે પ્રદર્શિત કરવાની રહેશે:

(a) વોટરપાર્કના કોઈપણ માળખાકીય (structural), ઇલેક્ટ્રિકલ, મિકેનિકલ અથવા શારીરિક જોખમો;

(b) દરેક રાઈડ દરમિયાન વોટરપાર્ક પર લઈ જવાની મંજૂરી આપેલ ગ્રાહકોની મહત્તમ સંખ્યા, જે વોટરપાર્કના ડિઝાઇનર અથવા ઉત્પાદક દ્વારા ભલામણ કરાયેલ અથવા નિર્દિષ્ટ કરેલી મહત્તમ સંખ્યાથી વધુ ન હોવી જોઈએ;

(c) વોટર પાર્કના ઉપયોગ દરમિયાન ગ્રાહકે તેની સાથે અથવા તેના શરીર ઉપર રાખવા માટે પ્રતિબંધિત વસ્તુઓ;

(d) વ્યક્તિઓનો એવો વર્ગ કે જેમના માટે વોટરપાર્કનો ઉપયોગ કરવો અસુરક્ષિત હોઈ શકે છે (ઉદાહરણ તરીકે ગર્ભવતી મહિલા, નિર્દિષ્ટ વજનથી વધુ વજન ધરાવતા વ્યક્તિઓ, નિર્દિષ્ટ ઊંચાઈથી વધુ અથવા ઓછી ઊંચાઈ ધરાવતા અથવા કોઈપણ એવી શારીરિક અથવા માનસિક સ્થિતિથી પીડાતા હોય જે તેમને વોટરપાર્કનો ઉપયોગ કરવા માટે અયોગ્ય બનાવે);

(e) વોટરપાર્કનો ઉપયોગ દરમિયાન વ્યક્તિઓએ પહેરવા અથવા વાપરવા માટેના સુરક્ષા ઉપકરણો;

(f) વોટરપાર્કનો ઉપયોગ કરતા બાળક સાથે નિર્દિષ્ટ ઉંમરની અથવા તેથી વધુ ઉંમરની વ્યક્તિનું હોવું અથવા હાજર રહેવું જરૂરી છે કે કેમ; અને

(g) લાયસન્સિંગ ઓથોરિટી (લાઇસન્સ આપનાર સત્તાધિકારી) દ્વારા અથવા વોટરપાર્કના ડિઝાઇનર અથવા ઉત્પાદક દ્વારા જરૂરી હોય તેવી અન્ય માહિતી.

(૬) લાયસન્સિંગ ઓથોરિટી વોટરપાર્કના આયોજક અથવા લાયસન્સ ધારકને પેટા-નિયમ (૪) માં ઉલ્લેખિત કોઈપણ બાબતના સંદર્ભમાં તેને જરૂરી અથવા યોગ્ય લાગે તેવા નિર્દેશો આપી શકે છે, અને આયોજક અથવા લાયસન્સ ધારકે લાયસન્સિંગ ઓથોરિટી દ્વારા આપવામાં આવેલા સમયમર્યાદામાં તે નિર્દેશોનું પાલન કરવાનું રહેશે.

(૭) વોટરપાર્કના આયોજક અથવા લાયસન્સધારકે ખાતરી કરવી જોઈએ કે જ્યારે પણ વોટરપાર્ક કાર્યરત હોય ત્યારે દરેક સમયે –

(a) જ્યારે જરૂરિયાત ઊભી થાય ત્યારે ઉપયોગ માટે પૂરતી સંખ્યામાં પ્રાથમિક સારવારની પેટીઓ (ફર્સ્ટ-એઇડ બોક્સ) ઉપલબ્ધ હોય, જે –

(i) ઉપયોગી અને યોગ્ય સ્થિતિમાં હોય;

(ii) પર્યાપ્ત સાધનોથી સજ્જ હોય;

(iii) યોગ્ય રીતે જાળવવામાં આવેલ હોય;

(iv) સમયાંતરે તપાસવામાં આવે કે તેમાં રહેલી તમામ વસ્તુઓ ઉપયોગ કરવા યોગ્ય છે;

(v) પ્રાથમિક સારવાર પેટી (ફર્સ્ટ-એઇડ બોક્સ) તરીકે સ્પષ્ટપણે દેખાય તેવી રીતે રાખવી;

(vi) એવી જગ્યાએ મૂકવામાં આવે જે સુલભ (સરળતાથી મળી શકે તેવી) હોય;

(vii) ઓપરેટર દ્વારા નિયુક્ત વ્યક્તિના ચાર્જ હેઠળ હોય; અને

(viii) તેમાં માત્ર પ્રાથમિક સારવાર માટેના સાધનો અને જરૂરી વસ્તુઓ જ હોય;

(b) જ્યારે જરૂર પડે ત્યારે પ્રાથમિક સારવાર આપવા માટે ત્યાં પૂરતી સંખ્યામાં એવી વ્યક્તિઓ હાજર હોય જેઓ લાયસન્સ આપતી સત્તા દ્વારા સ્વીકૃત એવી ફર્સ્ટ-એઇડ ટ્રેનિંગ સંસ્થા દ્વારા યોગ્ય રીતે પ્રશિક્ષિત હોય; અને

(c) ફર્સ્ટ-એઇડ રિસ્પોન્ડર્સ તરીકે કાર્યરત વ્યક્તિઓ અને તેઓએ મેળવેલી તાલીમનો રેકોર્ડ હોવો જોઈએ, જેમાં દરેક વ્યક્તિએ કઈ સંસ્થામાંથી તાલીમ લીધી છે અને છેલ્લે ક્યારે રિફ્રેશર કોર્સ કર્યો છે તેની તારીખનો સમાવેશ થાય છે.

(૮) વોટરપાર્કના આયોજક અથવા લાયસન્સધારકે વોટરપાર્ક અને તેની સાથે સંકળાયેલા વિસ્તારોમાં વ્યક્તિઓના માર્ગદર્શન અને નિયંત્રણ માટે એવી વ્યવસ્થા કરવી જોઈએ જેથી રાઈડનો ઉપયોગ કરનારા અથવા ઉપયોગ કરવાની ઈચ્છા ધરાવતા લોકો માટે ટ્રાફિક વ્યવહાર સુરક્ષિત અને વ્યવસ્થિત રહે અને રાઈડમાં બેસવા તથા ઉતરવાની પ્રક્રિયા સલામત બને.

(૯) વોટરપાર્કના આયોજક અથવા લાયસન્સ ધારકે –

(a) વોટરપાર્કના ડિઝાઈનર અથવા ઉત્પાદક પાસેથી કોઈપણ સુરક્ષા બુલેટિન (Safety Bulletin) મળ્યાના 7 દિવસની અંદર, આવા સુરક્ષા બુલેટિનની એક નકલ લાયસન્સિંગ ઓથોરિટીને સબમિટ કરવી જોઈએ; અને

(b) શક્ય તેટલી વહેલી તકે, આવા સુરક્ષા બુલેટિનમાં નિર્દિષ્ટ સુરક્ષા પગલાંનો અમલ કરવો અને લાયસન્સિંગ ઓથોરિટીને તે અમલીકરણ વિશે જાણ કરવી.

(૧૦) લાઈસન્સધારકે અથવા આયોજકે માન્ય કોસ્ચ્યુમ પુરા પાડવાના રહેશે, જે નાયલોન, લાઇક્રા અથવા પોલિએસ્ટર ફેબ્રિકથી બનેલા સ્વિમિંગ કોસ્ચ્યુમ હોવા જોઇએ તથા પુરુષો માટે સ્વિમિંગ ટ્રંક્સ, જામર્સ અથવા સ્વિમ શોર્ટ્સ તેમજ મહિલાઓ માટે સ્વિમસૂટ, બર્કિની (ફૂલ બોડી સ્વિમ સ્યુટ) તેમજ બાળકો માટે યોગ્ય સ્વિમિંગ કોસ્ચ્યુમ વોટરપાર્કના તમામ સ્વિમિંગ પૂલ, વેવ પૂલ, સ્લાઇડ પૂલ અને અન્ય જળ આકર્ષણોમાં કોટનના કપડાં, ટી-શર્ટ, જીન્સ, ટ્રેક પેન્ટ, લેગિંગ્સ, સલવાર-કમીઝ, સાડી , બટન, ઝિપર, બેલ્ટ, ધાતુના ભાગો અથવા ખિસ્સાવાળા કપડાં, ઢીલા અથવા પાણીમાં અટવાઈ શકે તેવા વસ્ત્રો પ્રતિબંધિત રહેશે. આ ઉપરાંત,

(i) તમામ કોસ્ટ્યુમ સ્વચ્છ અને યોગ્ય હાલતમાં હોવા જોઈએ.

(ii) નાના બાળકો માટે જરૂરી હોય ત્યાં સ્વિમ ડાયપર ફરજિયાત રહેશે.

(iii) પાણીમા પ્રવેશ કરતા પહેલા શાવર લેવાની સુચના આપવાની રહેશે.

(iv) નિયમોનુ પાલન ન કરનાર વ્યક્તિને વોટરપાર્ક રાઇડ્સમા પ્રવેશ આપવો નહિ.

(૧૧) વોટરપાર્કના સ્થળે કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી લાઇસન્સ ધારકની રહેશે.

**૧૭. વોટરપાર્ક ઓપરેટરની ફરજો.** - (૧) વોટરપાર્કના સંબંધમાં નિયુક્ત દરેક ઓપરેટરે- (i) દરરોજ જાહેર જનતા માટે વોટર પાર્ક ખુલ્લો મુકતા પહેલા, ખાતરી કરવી જોઈએ કે-

(a) વોટરપાર્કના ઓપરેશન મેન્યુઅલ મુજબ રાઈડની સંપૂર્ણ તપાસ કરવામાં આવી છે; અને

(b) વોટરપાર્ક સુરક્ષિત રીતે કાર્યરત સ્થિતિમાં છે;

(ii) વોટરપાર્ક મેન્યુઅલમાં નિર્દિષ્ટ આવશ્યકતાઓ હોવા છતાં, એ ખાતરી કરવી કે સબ-પેરા (a) હેઠળ હાથ ધરવામાં આવેલી તપાસમાં માળખું (સ્ટ્રક્ચર), મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ સિસ્ટમ્સ, વોટરપાર્ક રાઇડસની સીટ્સ અને ચેસિસ, કંટ્રોલ્સ, સુરક્ષા ઉપકરણો, પેસેન્જર રિસ્ટ્રેન્ટ્સ (સીટબેલ્ટ વિગેરે), ડ્રાઇવ્સ અને વોટરપાર્કના અન્ય એવા ભાગો કે જે સુરક્ષા માટે જરૂરી છે તેની તપાસનો સમાવેશ થાય છે.

(iii) એ સુનિશ્ચિત કરવું કે માત્ર એવા જ વ્યક્તિઓને વોટરપાર્ક સંચાલન કરવાની મંજૂરી આપવામાં આવે જેમને તે ચલાવવા માટે પૂરતી તાલીમ આપવામાં આવી હોય;

(iv) એ સુનિશ્ચિત કરવું કે કોઈપણ વ્યક્તિને વોટરપાર્ક સંચાલન કરવા અથવા તેના સંચાલનમાં મદદ કરવાની મંજૂરી ત્યાં સુધી ન આપવી, જ્યાં સુધી તે વ્યક્તિને વોટરપાર્કના સંચાલનમાં તેની ભૂમિકા, તેને જે જોખમોનો સામનો કરવો પડી શકે છે, તે તેમજ તેણે લેવાના પગલાં અને વોટરપાર્કના સંબંધમાં કોઈ પ્રતિકૂળ ઘટના બને તે સંજોગોમાં અનુસરવાની કટોકટીની પ્રક્રિયાઓ વિશે યોગ્ય રીતે સૂચના આપવામાં ન આવી હોય;

(v) એ સુનિશ્ચિત કરવું કે વોટરપાર્ક હંમેશા આ નિયમોના નિયમ-૧૬ ના પેટા-નિયમ-૬(a) માં ઉલ્લેખિત કાર્યકારી પ્રક્રિયાઓ અનુસાર સંચાલન કરવામાં આવે;

(vi) પરવાનો આપનાર સત્તાધિકારી (લાયસન્સિંગ ઓથોરિટી) દ્વારા નિર્ધારિત કરવામાં આવે તેવા ફોર્મેટમાં એક ઓપરેશનલ લોગબુક રાખવી અને તેની જાળવણી કરવી, જેને દરરોજ અપડેટ કરવામાં આવશે, જેમાં વોટરપાર્ક રાઈડના સંચાલન સંબંધિત નીચેની માહિતી હશે:

(a) જે તારીખે વોટરપાર્ક કાર્યરત હોય;

(b) વોટરપાર્કના સંચાલનમાં રોકાયેલા વ્યક્તિઓના નામ અને તેમની ફરજો;

(c) વોટરપાર્કના સંચાલનના કલાકો;

(d) વોટરપાર્કના ડિઝાઈનર અથવા ઉત્પાદકની ભલામણ અથવા નિયુક્ત કરાયેલ કોઈપણ લાયક વ્યક્તિ/ઓ અનુસાર કરવામાં આવેલ તપાસ (Inspections);

(e) વોટરપાર્કની કરવામાં આવેલી દરેક તપાસની વિગતો;

(f) વોટરપાર્કના સંબંધમાં બનેલી કોઈપણ પ્રતિકૂળ ઘટનાની વિગતો અને આવી પ્રતિકૂળ ઘટનાને પહોંચી વળવા માટે લેવામાં આવેલા પગલાં;

(g) વોટરપાર્કના સંબંધમાં કોઈપણ પ્રતિકૂળ ઘટનાના કિસ્સામાં લેવાના પગલાં માટે કરવામાં આવેલી કોઈપણ પ્રેક્ટિસ (ડ્રીલ) ની વિગતો;

(h) લાયસન્સિંગ ઓથોરિટી દ્વારા જરૂરી હોય તેવી અન્ય માહિતી;

(i) વોટરપાર્કનો ઉપયોગ કરનાર કોઈપણ ગ્રાહક પોતાની સાથે અથવા પોતાના શરીર પર એવી કોઈ વસ્તુ ન લઈ જાય જે વોટરપાર્કના સલામત સંચાલન અથવા અન્ય ગ્રાહકોની સલામતીમાં અવરોધ પેદા કરે, તે સુનિશ્ચિત કરવા માટે તમામ વ્યાજબી પગલાં અને સાવચેતી રાખવી; અને

(j) નીચેની વ્યક્તિઓને વોટરપાર્કનો ઉપયોગ કરવાની મંજૂરી ન આપવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે તમામ વ્યાજબી પગલાં અને સાવચેતી રાખવી:

(a) કોઈ પણ વ્યક્તિ જે દારૂ (આલ્કોહોલ), ડ્રગ્સ અથવા કોઈપણ નશીલા પદાર્થની અસરમાં હોય તેવું લાગતું હોય;

(b) કોઈપણ વ્યક્તિ જે ચેપી રોગથી પીડાતી હોય તેવું લાગતું હોય;

(c) કોઈ પણ વ્યક્તિ જે કોઈ પણ શારીરિક અથવા માનસિક સ્થિતિથી પીડાતી હોય તેવું લાગતું હોય અને જેની વોટરપાર્ક પર હાજરી તે વ્યક્તિની સુરક્ષા અથવા રાઈડનો ઉપયોગ કરી રહેલા અન્ય ગ્રાહકોની સુરક્ષાને જોખમમાં મૂકે તેવી શક્યતા હોય; અને

(vii) વોટરપાર્કની જાળવણી (Maintenance) સંબંધિત તેની ફરજો બજાવવામાં, ઓપરેટર નીચે મુજબની તકેદારી રાખશે –

(a) વોટરપાર્ક રાઇડસના તમામ ભાગોની જાળવણીની જરૂરિયાતો અનુસાર સમયાંતરે જાળવણી માટેનું લેખિત સમયપત્રક રાખશે અને તેની જાળવણી કરશે, જેમાં તપાસ (inspections), લુબ્રિકેશન, એડજસ્ટમેન્ટ, બદલાવ (replacements) અને અન્ય કોઈપણ કામો વચ્ચેના અંતરાલનો ઉલ્લેખ હશે, જે વોટરપાર્કના ડિઝાઈનર અથવા ઉત્પાદક દ્વારા, અથવા નિયમ-૧૬ના પેટા-નિયમ-૧(a) હેઠળ નિયુક્ત કરાયેલ કોઈપણ લાયક વ્યક્તિ/ઓ દ્વારા અથવા લાયસન્સિંગ ઓથોરિટી દ્વારા ભલામણ કરાયેલ અથવા જરૂરી હોય;

(b) એ સુનિશ્ચિત કરવું કે, વોટરપાર્કની સમયાંતરે જાળવણી, ઉત્પાદક કંપની દ્વારા ભલામણ અથવા જરૂરિયાત મુજબ હાથ ધરવામાં આવે અને આવી સમયાંતરે જાળવણી કરવા માટે લેખિત સમય પત્રક રાખવું અને તેની જાળવણી કરવી, જેમાં રાઈડસના ભાગોની તપાસ, લુબ્રિકેશન, એડજસ્ટમેન્ટ અથવા બદલાવ કરવામાં આવે તેવા દરેક પ્રસંગ વચ્ચેના સમયગાળાનો ઉલ્લેખ હોય; અને

(c) લાયસન્સિંગ ઓથોરિટી દ્વારા જરૂર જણાય તે મુજબ મેન્ટેનન્સ લોગબુક રાખવી અને તેની જાળવણી કરવી, જેમાં નીચેની વિગતો હશે –

(i) આ બાબતોનો રેકોર્ડ નિભાવવો જેમાં –

(a) વોટરપાર્કની સમયાંતરે થતી તપાસ અને તેના પર કરવામાં આવતા કોઈપણ જાળવણીના કામ; અને

(b) વોટરપાર્ક/વોટરપાર્કરાઇડના કોઈપણ ભાગની જાળવણી, સમારકામ, અથવા બદલાવ (તે ભાગની સ્થિતિના વર્ણન સહિત); અને

(ii) વોટરપાર્ક/વોટરપાર્કરાઇડ ના કોઈપણ ભાગ પર કરવામાં આવેલ કોઈપણ પરીક્ષણ (Test) નો અહેવાલ.

(viii) જ્યાં લાયસન્સિંગ ઓથોરિટી દ્વારા જરૂરી હોય ત્યાં, રાઈડ મેનેજરે લાયસન્સિંગ ઓથોરિટી અથવા કોઈ પણ અમલીકરણ અધિકારી દ્વારા તપાસ માટે નીચેની બાબતો ઉપલબ્ધ કરાવવાની રહેશે –

(a) કોઈપણ કાર્યકારી લોગબુક (operational logbook);

(b) કોઈપણ જાળવણી લોગબુક (maintenance logbook); અને

(c) અન્ય કોઈપણ દસ્તાવેજ જે વોટરપાર્કના દૈનિક નિયમિત સંચાલન અથવા જાળવણી સાથે સંબંધિત અથવા પ્રસ્તુત હોય.

**૧૮. લાયક વ્યક્તિ/ઓ દ્વારા તેમની નિમણૂક ખાલી કરવી (પદ છોડવું)-** કોઈપણ લાયક વ્યક્તિ જે પોતાની નિમણૂક ખાલી કરે છે (પદ છોડે છે), તેણે લાયસન્સિંગ ઓથોરિટી (પરવાનો આપનાર સત્તાધિકારી) ને તે હકીકતની જાણ કરવી પડશે અને તેની નિમણૂક મુજબ તેના દ્વારા અથવા તેની દેખરેખ હેઠળ કરવામાં આવેલી તમામ ફરજો અને કાર્યોનો સારાંશ અહેવાલ, લાયસન્સિંગ ઓથોરિટીને જરૂર જણાય તે મુજબ રજુ કરવો પડશે.

**૧૯. વોટરપાર્કના આયોજક અથવા લાયસન્સધારકે એ સુનિશ્ચિત કરવું પડશે કે -**

(૧) દરેક વોટરપાર્ક રાઇડસના ઉત્પાદક (manufacturer) દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલી પ્રક્રિયા મુજબ સ્થાપિત અને સંચાલિત થાય છે.

(૨) વોટરપાર્કના સંચાલન માટે કતાર વ્યવસ્થાપન (queue management) માટે પૂરતી જગ્યા હોય તેમજ કોઈ પણ પ્રતિકૂળ ઘટનાના કિસ્સામાં વ્યકતિઓને બહાર કાઢવા (evacuation) માટે પૂરતી જગ્યા હોવી જોઈએ.

(૩) એક રાઈડમાં થતી કોઈપણ પ્રતિકૂળ ઘટના આસપાસમાં સ્થાપિત અન્ય રાઈડ્સની સલામતીને અસર ન કરવી જોઈએ.

(૪) વોટરપાર્કનું સુરક્ષિત સંચાલન સુનિશ્ચિત કરવા માટે, રાઈડ ઉત્પાદક દ્વારા નિર્ધારિત કર્યા મુજબ દરેક રાઈડ માટે પૂરતી સંખ્યામાં લાયક રાઈડ ઓપરેટર્સ, એટેન્ડન્ટ્સ અને ટેકનિશિયનોને રાખવા.

(૫) વોટરપાર્કરાઈડની સ્થિરતા જેમ કે પાયાની મજબૂતી (foundation strength), રાઇડ પલટી જવી (overturning), આડું સરકવું (lateral sliding), સાધનોની સારી સ્થિતિ માટે રાઈડ ઉત્પાદક દ્વારા નિર્દિષ્ટ નિરીક્ષણ સમયપત્રક/પ્રક્રિયા મુજબ રાઈડ ઓપરેટર/ટેકનિશિયન દ્વારા સમયાંતરે (સાપ્તાહિક/માસિક) દરેક વોટરપાર્કરાઇડનું નિરીક્ષણ કરવામાં આવશે.

(૬) દરેક વોટરપાર્કરાઇડ અને તેના મુખ્ય ઘટકોનું રાઈડ ઉત્પાદક દ્વારા નિર્દિષ્ટ નિરીક્ષણ સમયપત્રક મુજબ ઓપરેટર/ટેકનિશિયન દ્વારા દૈનિક/સાપ્તાહિક/માસિક નિરીક્ષણ કરવાનું રહેશે.

(૭) દરેક વોટરપાર્ક રાઈડ અને તેના હાઇડ્રોલિક સાધનો, ન્યુમેટિક (pneumatic) સાધનો, ફાયરસેફ્ટી સાધનો, ઇલેક્ટ્રિકલ પ્રોટેક્શન અને કંટ્રોલ પેનલ, બ્રેકિંગ સિસ્ટમ/મિકેનિઝમ, ઇમરજન્સી સ્ટોપ મિકેનિઝમ, કટોકટીના કિસ્સામાં ઇવેક્યુએશન સિસ્ટમનું રાઈડ ઓપરેટર/ટેકનિશિયન દ્વારા દૈનિક/સાપ્તાહિક/માસિક નિરીક્ષણ કરવાનું રહેશે.

(૮) દરેક વોટર પાર્ક રાઈડસ પાસે રાઈડના સંચાલન માટે જરૂરી સુરક્ષા સાધનોનું સ્ટેટમેન્ટ અથવા મેન્યુઅલ હોવું જોઈએ અને તમામ સુરક્ષા સાધનો લાગુ પડતા ધોરણો (standards) ને અનુરૂપ હોવા જોઈએ.

(૯) ઊંચા અને વિશાળ સ્ટ્રક્ચર ધરાવતી વોટરપાર્ક રાઈડ્સ માટે, વીજળી પડવાના જોખમ સામે રાઈડના રક્ષણ માટે IEC-62305 માનકો અનુસાર વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૦) વોટરપાર્કમા સંપૂર્ણ વિજ સ્થાપનનુ કાર્ય Central Electricity Authority (CEA) સલામતી વિનિયમો- ૨૦૨૩, National Electricity Code (NEC)- 2023, IS-15492, IS-732 તેમજ National Building Construction Standards (NBCS)- 2026 ના ધોરણોને અનુરૂપ હોવુ જોઇએ.

(૧૧) વોટરપાર્કમા ઉપયોગમા લેવામા આવતા પાણીની ગુણવત્તા IS 3328 - Code of Practice for Cleanliness of Swimming Pools તથા લાગુ પડતા ભારતીય માનક બ્યુરો (BIS) ધોરણો અનુસાર જાળવવાની રહેશે.

(૧૨) વોટરપાર્કના તમામ પૂલમાં ઉપયોગમા લેવામા આવતા પાણીના કાર્યક્ષમ ફિલ્ટ્રેશન, રિસર્ક્યુલેશન અને ડિસઇન્ફેક્શન સિસ્ટમ સતત કાર્યરત રાખવાની રહેશે.

વોટરપાર્કના પાણીમાં ફ્રી રેસીડ્યુઅલ ક્લોરીન (Free Residual Chlorine), પીએચ (pH), ટર્બીડીટી (Turbidity) તથા માઇક્રો બાયોલોજિકલ પેરામીટર્સ (Microbiological Parameters) નું નિયમિત પરીક્ષણ કરી તેની નોંધ કરવાની રહેશે તેમજ તેના રેકર્ડની જાળવણી કરવાની રહેશે.

(૧૩) વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (Water Treatment Plant) નું સંચાલન તાલીમ પ્રાપ્ત કર્મચારીઓ દ્વારા કરવાનુ રહેશે તેમજ તમામ ઉપકરણોની સમયસર જાળવણી કરવાની રહેશે.

(૧૪) પાણીના નમૂનાઓનું સમયાંતરે NABL (National Accreditation Board for Testing and Calibration Laboratories) માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળામાં પરીક્ષણ કરાવવાનુ રહેશે તથા તેના રેકર્ડની જાળવણી કરવાની રહેશે.

(૧૫) પાણીની ગુણવત્તા નિર્ધારિત ધોરણોથી ઓછી જણાય તો વોટરપાર્કનુ સંચાલન બંધ કરવુ તેમજ જરૂરી સુધારાત્મક કાર્યવાહી પૂર્ણ થયા બાદ જ પુન: સંચાલન શરૂ કરવાનુ રહેશે.

(૧૬) પાણીની ગુણવત્તા ભારતીય માનક બ્યુરો (BIS), સ્થાનિક આરોગ્ય સત્તાધિકારી અને અન્ય લાગુ પડતા કાયદા તથા રાજ્ય સરકાર દ્વાર સમયાંતરે સુચવવામા આવનાર સુધારાના ધોરણો અનુસાર જાળવવાની રહેશે.

(૧૭) વોટરપાર્ક રાઇડસની વ્યવસ્થા:

રાઈડસના આયોજક/મેનેજર/ઓપરેટર/એટેન્ડન્ટસએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે, એવી તમામ રાઇડસની સપાટીઓ કે જેના સંપર્કમાં વ્યકતિ આવી શકે છે, તે ગોળાકાર અને લીસી હોવી જોઈએ, તીક્ષ્ણ, ખરબચડી અથવા ચીરા પડેલી ધાર અને ખૂણાઓથી મુક્ત હોવી જોઈએ, અને તેમાં બહાર નીકળેલા સ્ટડ્સ, બોલ્ટ્સ, સ્ક્રૂ અથવા અન્ય કોઈ પ્રોજેક્શન (બહાર નીકળેલા ભાગો) હોવા જોઈએ નહીં.

(૧૮) આયોજક/ઓપરેટરેએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે જ્યારે રાઈડસ કાર્યરત હોય ત્યારે તેની અંદર, ઉપર અથવા તેની આસપાસ સુરક્ષિત અને કાર્યક્ષમ સંચાલન માટે જરૂરી હોય તે સિવાયના કોઈપણ સાધનો કે સામગ્રી ન હોય.

(૧૯) આયોજક/ઓપરેટરેએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે દરેક રાઈડના પ્રવેશદ્વાર પર અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષામાં અન્ય માહિતી અને રાઈડરની સુરક્ષા માર્ગદર્શિકા પ્રદર્શિત કરતું બોર્ડ એવી રીતે હોય કે રાઈડર રાઈડમાં બેસતા પહેલા તેને સરળતાથી જોઈ અને વાંચી શકે.

(૨૦) રાઈડ ઓપરેટરેએ સુનિશ્ચિત કરવાનું રહેશે કે, દરેક વ્યકતિને રાઈડ ઉત્પાદક/સત્તાધિકારીઓ દ્વારા નિર્ધારિત કર્યા મુજબ રાઈડમાં બેસવા માટે યોગ્ય સૂચના આપવામાં આવે..

(૨૧) વોટરપાર્કરાઈડસના આયોજક/ઓપરેટરે કોઈપણ રાઈડનુ સંચાલન કરતી વખતે રાઈડર્સની મહત્તમ બેઠક ક્ષમતાની મર્યાદા અને મહત્તમ ઓપરેટિંગ વજન મર્યાદાનું સખતપણે પાલન કરવાનું રહેશે.

(૨૨) નિયમ-૧૬ ના પેટા નિયમ ૧(બી) હેઠળ નિયુક્ત ફાયર ઓફિસરની સલાહ મુજબ, વોટરપાર્કના આયોજકે છેલ્લી મોકડ્રીલના ૧૮૦ દિવસ પૂર્ણ થાય તે પહેલા સમયાંતરે અગ્નિ સુરક્ષા (fire safety) અને પ્રતિકૂળ ઘટના સમયે સ્થળાંતર (adverse incident evacuation)માટેની મોકડ્રીલ યોજવી જોઇશે તથા તેનો રેકર્ડ જાળવવાનો રહેશે.

**૨૦. સમારકામ (repair) અને જાળવણી (maintenance). -**

(૧) વોટરપાર્કના આયોજક/ સંચાલક પાસે રાઈડસના સંચાલન માટે જરૂરી સુરક્ષા સાધનોનું સ્ટેટમેન્ટ અથવા મેન્યુઅલ હોવું જોઈએ અને તમામ સુરક્ષા સાધનો લાગુ પડતા ધોરણોને અનુરૂપ હોવા જોઈએ.

(૨) વોટરપાર્કના ઓયોજકે લાયક વ્યક્તિ/ઓ પાસેથી લાયકાત અને અનુભવ ધરાવતું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે અને તે "ડિસ્ટ્રિક્ટ વોટરપાર્ક કમિટી"ની જરૂરિયાત મુજબ રજૂ કરવાનું રહેશે.

(3) વોટરપાર્કના આયોજકે રાઈડ ચલાવતા સ્ટાફની લાયકાત/અનુભવની વિગતો પણ "ડિસ્ટ્રિક્ટ વોટરપાર્ક કમિટી" ને જરૂરિયાત મુજબ પૂરી પાડવાની રહેશે.

(૪) દરેક વોટરપાર્ક રાઈડ ચલાવવા માટે તથા સુચના આપવા અલગ વ્યક્તિ હોવી જોઈએ તે સુનિશ્ચિત કરવું

(૫) આયોજકે "ડિસ્ટ્રિક્ટ વોટરપાર્ક કમિટી" ને ખાતરી થાય તે મુજબ વોટરપાર્ક રાઈડના સમયાંતરે નિરીક્ષણ અને જાળવણી માટેની જોગવાઈ કરવાની રહેશે.

(૬) આયોજકે વોટરપાર્ક રાઈડ ઉત્પાદક દ્વારા નિર્ધારિત સમય પત્રક મુજબ અને/ અથવા જ્યારે પણ દરેક રાઈડના સુરક્ષિત અને કાર્યક્ષમ સંચાલન માટે જરૂરી હોય ત્યારે નિયમિત પણે દરેક રાઈડનું સમારકામ અને જાળવણી કરવાની રહેશે.

(૭) જાળવણી, સમારકામ અથવા તે પ્રકારની કોઈપણ પ્રવૃત્તિઓ દરમિયાન પરિસરમાં કોઈપણ મુલાકાતીઓને મંજૂરી આપવામાં આવશે નહીં.

(૮) આયોજકેએ સુનિશ્ચિત કરવું પડશે કે સમારકામ અને જાળવણી લાયક વ્યક્તિ/ઓ દ્વારા કરવામાં આવે અને ચોક્કસ રાઈડના સમારકામ અને જાળવણી માટે ઉપયોગમાં લેવાતી સામગ્રી/સાધનો/પ્રક્રિયાઓ એજ ગુણવત્તાની અથવા તેનાથી ઉચ્ચ ગુણવત્તાની હોવી જોઈએ જે રાઈડ ઉત્પાદક દ્વારા રાઈડના ઉત્પાદન માટે ઉપયોગમાં લેવામાં આવી હતી. ઘસારાને કારણે થતી અસર (ફેટિગ ફેઈલ્યોર)ના કિસ્સામાં સમારકામ સક્ષમ વ્યક્તિ અથવા સર્વેયરની દેખરેખ હેઠળ લાયક વેલ્ડર્સ દ્વારા કરવામાં આવશે.

(૯) આયોજકે દરેક રાઈડ માટે અલગથી ઓપરેશન, સમારકામ અને જાળવણી માટે લોગ-બુક રાખવાની રહેશે. આયોજકે લાયસન્સના નવીનીકરણ માટેની અરજી સાથે અને/ અથવા જ્યારે પણ નિરીક્ષણ/ લાયસન્સ ઇસ્યુ કરનાર/ અમલીકરણ સત્તાધિકારી દ્વારા પૂછવામાં આવે ત્યારે તેની પ્રમાણિત નકલો રજૂ કરવાની રહેશે.

(૧૦) આયોજકે 5વર્ષના સમયગાળા માટે 'બ્રેકડાઉન/પ્રતિકૂળઘટના' (Adverse incident) ના અહેવાલનો રેકોર્ડ રાખવાનો રહેશે.

૨૧. આ નિયમોની જોગવાઇઓના ભંગ બદલ આ નિયમોની અનુસૂચિ-જમા નિર્ધારિત દંડને પાત્ર થશે.

૨૨ રાજ્ય સરકાર તથા કેંદ્ર સરકાર દ્વારા વોટરપાર્કને લગતા નિયમોમા સુધારા વધારા કરવામા આવે તો તે મુજબ અનુસરવાની જવાબદારી લાઇસન્સ ધારકની રહેશે.

૨૩. રાજ્ય સરકાર તથા કેંદ્ર સરકાર દ્વારા ઘડવામા આવેલ નિયમો તથા વખતો વખત કરવામા આવેલા સુધારા આખરી રહેશે.

(અનિલ ધામેલીયા)
જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા

**અનુસૂચિ-૧ (SCHEDULE - 1)**

**(નિયમ-૨ જુઓ)**

**વોટરપાર્ક રાઈડસ (WATER PARK RIDES)**

| ક્રમ | રાઈડ્નુ નામ |
|---|---|
| ૧ | Wave Pool (વેવ પુલ) |
| ૨ | Lazy River ( લેઝી રીવર) |
| ૩ | Water Slide ( વોટર સ્લાઇડ) |
| ૪ | Spiral Slide ( સ્પાઇરલ સ્લાઇડ) |
| ૫ | Tube Slide ( ટ્યુબ સ્લાઇડ) |
| ૬ | Speed Slide ( સ્પીડ સ્લાઇડ) |
| ૭ | Body Slide ( બોડી સ્લાઇડ) |
| ૮ | Family Raft Ride ( ફેમીલી રાફ્ટ રાઇડ) |
| ૯ | Kids Splash Zone ( કીડ્સ સ્પ્લેશ ઝોન) |
| ૧૦ | Rain Dance Area ( રેઇન ડાન્સ) |
| ૧૧ | Aqua Play Station( એક્વા પ્લે સ્ટેશન) |
| ૧૨ | Water Roller Coaster ( વોટર રોલર કોસ્ટર) |
| ૧૩ | Drop Slide ( ડ્રોપ સ્લાઇડ) |
| ૧૪ | Funnel Ride ( ફનેલ રાઇડ) |
| ૧૫ | Boomerang Slide ( બુમરેંગ સ્લાઇડ) |
| ૧૬ | Surf Simulator ( સર્ફ સિમ્યુલેટર) |
| ૧૭ | Multi- Lane Racer( મલ્ટી લેન રેસર) |
| ૧૮ | Wave Ride ( વેવ રાઇડ) |
| ૧૯ | Splash Pad (સ્પ્લેશ પેડ) |
| ૨૦ | Tipping Bucket Ride ( ટીપિંગ બકેટ રાઇડ) |
| આ ઉપરાંત અન્ય વોટર પાર્ક રાઇડ્સ | |

## અનુસૂચિ-૨ (SCHEDULE -2)

**(નિયમ-૧૨ જુઓ)**

વોટરપાર્ક રાઈડસમાં મુખ્ય ફેરફારો (MAJOR MODIFICATIONS TO WATER PARK RIDES)

વોટરપાર્ક રાઈડસ માં મુખ્ય ફેરફાર (major modification) એટલેકે વોટરપાર્ક રાઈડસના

નીચેનામાંથી કોઈ પણ પાસાઓમાં કરવામાં આવતો બદલાવ:

(a) માળખાકીય અને યાંત્રિક (Structural and mechanical):

(i) માળખાકીય ઘટકો / પાર્ટ્સ (સામગ્રીના સ્પષ્ટીકરણમાં ફેરફારો સહિત).

(ii) લોડિંગ (ઉદાહરણ તરીકે, બેઠક વ્યવસ્થામાં ફેરફાર).

(iii) શ્રેણી / રેન્જ (ઉદાહરણ તરીકે, વોટરપાર્ક રાઈડસ દ્વારા કાપવામાં આવેલી ઊંચાઈ અથવા અંતર).

(iv) પેસેન્જર હાર્નેસ (સુરક્ષાપટ્ટો/લોક), પ્રોટેક્શન સિસ્ટમ (સુરક્ષા પ્રણાલી) અને પેસેન્જર ક્લિયરન્સ એન્વેલપ (મુસાફર માટે આસપાસની સલામત જગ્યા).

(v) કોઈ પણ સલામતી માટે મહત્વપૂર્ણ (safety-critical) ઘટક, ઉપકરણ અથવા સિસ્ટમ.

(b) પ્રક્રિયાઓ (processes):

(i) ફેબ્રિકેશન પદ્ધતિ (બનાવટની પદ્ધતિ).

(ii) જોડાણ પદ્ધતિ અને સ્થિતિ (વેલ્ડિંગ, બોલ્ટિંગ, રિવેટિંગ અને અન્યકોઈ પણ પદ્ધતિ સહિત).

(iii) પરીક્ષણ પ્રક્રિયા (ટેસ્ટિંગ પ્રોસિજર).

(c) ઈલેક્ટ્રિકલ અને સોફ્ટવેર (electrical and software):

(i) જનરેટર, AC/DC સપ્લાય, અર્થિંગ, ટ્રાન્સફોર્મર, કેબલ્સ અને કંડક્ટર્સ (વાહકતાર) તેમજ મોટર્સ, ઈલેક્ટ્રિકલ પ્રોટેક્શન કંટ્રોલ પેનલ.

## અનુસૂચિ-૩ (Schedule-3)

**(નિયમ ૩, ૭, ૯, જુઓ)**

**વોટરપાર્ક રાઈડસની સ્થાપના (ઈન્સ્ટોલેશન) અને સંચાલન (ઓપરેશન)**

**લાયસન્સ માટેની ફી**

| વિગતો | નિયત ફી |
|---|---|
| ઈન્સ્ટોલેશન પરમિટ | ૧૦,૦૦૦/- (દસહજાર) |
| ઓપરેશન લાયસન્સ | ૧૦,૦૦૦/- (દસહજાર) |
| લાયસન્સનું નવીનીકરણ | ૧૦,૦૦૦/- (દસહજાર) |

## અનુસૂચિ-૪ (Schedule- 4)

### (નિયમ ૨૧ જુઓ)

### વોટરપાર્કના નિયમોની જોગવાઈ/ઓના ભંગ બદલ દંડ

| વિગત | દંડ |
|---|---|
| લાઈસન્સ રિન્યુ કરવા માટે નિર્ધારિત સમયગાળામા અરજી કરવામા ન આવે તો. | રૂ. ૫૦૦ ( પાચસો) થી રૂ.૧,૦૦,૦૦૦ (એક લાખ) સુધીનો દંડ વસુલ કરી શકાશે ઉપરાંત જોગવાઈનાભંગનુ પુનરાવર્તન થયેથી લાઈસન્સ રદ કરી શકાશે. |
| આરોગ્ય વિષયક જોગવાઈનુ પાલન ન કરવુ. | |
| નિયમોમા નિર્દિષ્ટ સમયગાળા માટે વિડિયો ફૂટેજ સંગ્રહ ન કરવામા આવેલ હોય. | |
| નિયમોમા નિર્દિષ્ટ થયેલ રેકર્ડની જાળવણી કરવામા ન આવેલ હોય. | |
| લાયસન્સિંગ ઓથોરિટી દ્વારા જરૂર પડે ત્યારે, વોટરપાર્કના ઈન્સ્ટોલેશન, ઓપરેશન, ફેરફાર (modification), જાળવણી અથવા સ્થાનાંતરણને લગતા તમામ મેન્યુઅલ, પ્લાન, રિપોર્ટ અને અન્ય તમામ દસ્તાવેજો નિરીક્ષણ માટે ઉપલબ્ધ ન કરાવવા. | |
| પ્રતિકૂળ હવામાનની સ્થિતિમા વોટરપાર્ક નુ સંચાલન કરવામા આવે તો. | |
| વોટરપાર્કમા ગ્રાહક્ને પ્રતિબંધિત વસ્તુઓ સાથે પ્રવેશતા અટકવવામા ન આવે તો. | |
| વોટરપાર્ક રાઈડમા માન્ય સ્વિમિંગ કોસ્ચ્યુમ સિવાય પ્રવેશ આપવો. | |
| ફર્સ્ટ એઈડ રિસ્પોંડર્સ ની ગેરહાજરી. | |
| વોટરપાર્કનું સુરક્ષિત સંચાલન સુનિશ્ચિત કરવા માટે, રાઈડ ઉત્પાદક દ્વારા નિર્ધારિત કર્યા મુજબ દરેક રાઈડ માટે પૂરતી સંખ્યામાં લાયક રાઈડ ઓપરેટરો, એટેન્ડન્ટ્સ અને ટેકનિશિયનોને ન રાખવા. | |
| વોટરપાર્કનું સુરક્ષિત સંચાલન સુનિશ્ચિત કરવા ઉપલબ્ધ સ્ટાફને પુરતી તાલીમ આપવામા આવી ન હોય. | |

| વિગત | દંડ |
|---|---|
| ઈન્સ્ટોલેશનના સંદર્ભમાં ડિઝાઈન અને સ્પષ્ટીકરણો વિગેરેમાં પૂર્વ મંજૂરી વગર ફેરફાર (deviation) | આ જોગવાઈઓના ભંગ બદલ તત્સમયે અમલ મા હોય તેવા કાયદા હેઠળ ફોજદારી કાર્યવાહી હાથ ધરી શકાશે. ઉપરાંત રૂ. ૧૦,૦૦૦<br><br>(દસ હજાર) થી રૂ.૨,૦૦,૦૦૦<br><br>(બે લાખ) સુધીનો દંડ વસુલ કરી શકશે તથા જોગવાઈના ભંગનુ પુનરાવર્તન થયેથી લાઈસન્સ રદ કરી શકાશે. |
| ઈન્સ્ટોલેશન કામગીરી, વોટરપાર્ક રાઈડ્સ ની જાળવણી અને સલામતી અંગે લાયસન્સિંગ ઓથોરિટી દ્વારા સમયાંતરે આપવામાં આવેલ નિર્દેશોનુ પાલન ન કરવા બદલ | |
| અગ્નિ સુરક્ષાના નિયમોનું પાલન ન કરવું | |
| વિજ સુરક્ષાના નિયમોનુ પાલન ન કરવુ | |
| વોટરપાર્કના ડિઝાઈનર અથવા ઉત્પાદક પાસેથી મળેલ સુરક્ષા બુલેટિન (Safety Bulletin)માં નિર્દિષ્ટ સુરક્ષા પગલાંનો અમલ ન કરવો. | |
| જરૂરીયાત મુજબના પ્રશિક્ષિત લાઈફ ગાર્ડની નિમણૂક ન કરવી. | |

## જોડાણ-૧ (Annexure-1)

## (નિયમ-૫ અને ૮ જુઓ)

લાયકાત ધરાવતી વ્યક્તિ/ ચાર્ટર્ડ એન્જિનિયર/ લાયકાત ધરાવતી નિરિક્ષણ સંસ્થા, જે વોટરપાર્ક રાઇડની ડિઝાઇન, સ્પષ્ટીકરણો અને સૂચિત ઇન્સ્ટોલેશન (સ્થાપના) પદ્ધતિ તેમજ કાર્યક્રમની સમીક્ષા કરતી વખતે વોટરપાર્ક રાઇડ્સના નીચેના પાસાઓની પણ સમીક્ષા કરશે અને સુનિશ્ચિત કરશે કે આવા દરેક પાસા વડોદરા જિલ્લા માટેના "વોટરપાર્કના નિયમો (પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાય)2026" હેઠળ નિર્ધારિત આવશ્યકતાઓને અનુરૂપ હોય અને તે અંગેનું પ્રમાણપત્ર આપશે:

(a) લાગુ પડતા માનકો નીચે મુજબના રહેશે.

- IS 15492 Part -1 - વોટરપાર્ક સંબંધિત માળખાકિય ડિઝાઇન અને બાંધકામ માટેની સુરક્ષા જરૂરીયાતો

- IS 15492 Part -2 - નિરિક્ષણ ,જાળવણી અને સંચાલન

- IS 15492 Part -3 - સુરક્ષા વ્યવસ્થાપન અને સંચાલન પધ્ધતિ

- IS 15475 - મનોરંજન રાઇડ્સની સામાન્ય સુરક્ષા

- ASTM F2376-17a- વોટર સ્લાઇડ્સનું વર્ગીકરણ, ડિઝાઈન, ઉત્પાદન અને સંચાલન

(b) વોટરપાર્કના ફાઉન્ડેશન (પાયા) અને માળખાકીય ઘટકોની પર્યાપ્તતા, જ્યાં આવા ફાઉન્ડેશન કે માળખાકીય ઘટકો ઇમારતો (મકાન) ન હોય;

(c) વોટરપાર્કરાઇડના ગતિશીલબળો (dynamic forces) નું નિર્ધારણ અને વોટરપાર્ક રાઇડનો ઉપયોગ કરતા ગ્રાહકો/ મુસાફરોની સલામતી અને સ્વાસ્થ્યપર તેની અસર;

(d) વોટરપાર્કરાઇડ માટે ઉપયોગમાં લેવાયેલા વેલ્ડ્સની મજબૂતાઈ અને યોગ્યતા;

(e) વોટરપાર્કરાઇડના ઇન્સ્ટોલેશન દરમિયાન ઉપયોગમાં લેવાતી વેલ્ડિંગ પ્રક્રિયાઓની યોગ્યતા અને આવું વેલ્ડિંગ કરવા માટે રોકાયેલા વેલ્ડર્સની લાયકાત;

(f) પ્રતિકૂળઘટના(અકસ્માત) ના કિસ્સામાં ગ્રાહકો/ મુસાફરોના સુરક્ષિત બહાર નીકળવા (safe egress) માટેની પ્રક્રિયાઓ અને સિસ્ટમ્સની પર્યાપ્તતા;

(g) જોખમોની ઓળખ, જોખમનું મૂલ્યાંકન અને નિયંત્રણના પગલાંની પર્યાપ્તતા સહિત વોટરપાર્ક રાઇડના જોખમ મૂલ્યાંકન (risk assessment) ની પર્યાપ્તતા;

(h) પેસેન્જર કન્ટેઈનમેન્ટ (મુસાફરોને સુરક્ષિત રાખવાની મર્યાદા) અને પેસેન્જર ક્લિયરન્સ એન્વેલપ (સલામત જગ્યા) ની પર્યાપ્તતા;

(i) વોટરપાર્કરાઇડના ઓપરેશન્સ અને મેન્ટેનન્સ (સંચાલન અને જાળવણી) મેન્યુઅલ તેમજ તેની પદ્ધતિની પર્યાપ્તતા;

(j) વોટરપાર્કરાઇડના ઉત્પાદન અથવા ઇન્સ્ટોલેશન દરમિયાન લાગુ કરવામાં આવેલ અથવા લાગુ કરવામાં આવનાર (જે લાગુ પડતું હોય તે), ગુણવત્તા ખાતરી કાર્યક્રમો (quality assurance program) નીપર્યાપ્તતા;

(k) વોટરપાર્કરાઇડ અથવા તેના કોઈપણ ભાગ પર લેવામાં આવેલા પરીક્ષણોની યોગ્યતા અને પર્યાપ્તતા, જેમાં બિન- વિનાશક પરીક્ષણો (non destructive tests) અને ઇન્સ્ટોલેશન પૂર્ણ થયા પછી જાહેર ઉપયોગ માટે વોટરપાર્કરાઇડ ચાલુ કરવા (commissioning) ના હેતુઓ માટેના પરિક્ષણો સામેલ છે;

(l) વોટરપાર્કરાઇડના ઇન્સ્ટોલેશનમાં ઉપયોગમાં લેવાનારા ઘટકો અને સામગ્રી પર હાથ ધરવામાં આવનારી તપાસ; અને

(m) એવી અન્ય બાબતો જે લાયસન્સિંગ ઓથોરિટી (સત્તાધિકારી) દ્વારા જરૂરી ગણવામાં આવે.

## જોડાણ-૨ (Annexure-2)

## લાયસન્સિંગ ઓથોરિટી (સત્તાધિકારી)ને સબમિટ કરવાના દસ્તાવેજો અને ટેસ્ટ રિપોર્ટની યાદી

## (નિયમ-૫ જુઓ)

| ભાગ-૧ (Part-I) | | |
|---|---|---|
| ઈન્સ્ટોલેશન પરમિટ (સ્થાપના મંજૂરી) માટે જરૂરી દસ્તાવેજોની યાદી | | |
| **ક્રમ** | **વિગત** | **વિગતો** |
| ૧ | રાઇડનું નામ / રાઇડનો પ્રકાર | |
| ૨ | ઉત્પાદકનું નામ, સરનામું અને સંપર્ક નંબર | |
| ૩ | ઉત્પાદનનું વર્ષ (ઇન્વોઇસ/ બિલ જોડવું) | |
| ૪ | રાઇડનું આયુષ્ય - વર્ષ | |
| ૫ | મંજૂર થયેલી ડિઝાઇન, જનરલ એસેમ્બલી ડ્રોઈંગ (G A ડ્રોઈંગ) જેમાં 'ટુ ધ સ્કેલ ડાયમેન્શન' (માપદંડ મુજબના માપ) અને રાઇડના ઘટકોની સામગ્રીનું બિલ સામેલ હોય, અથવા અગાઉથી ઈન્સ્ટોલ કરેલી-જૂની રાઇડ્સના કિસ્સામાં લાયકાત ધરાવતી વ્યક્તિ/ઓ દ્વારા અપાયેલું ફિટનેસ પ્રમાણપત્ર. | |
| ૬ | રાઇડના ઈન્સ્ટોલેશન માટે જરૂરી ફાઉન્ડેશન (પાયા) નો પ્રકાર અને જમીનની ન્યૂનતમ લોડ બેરિંગ કેપેસિટી (વજન સહન કરવાની ક્ષમતા). | |
| ૭ | મેન્યુઅલ / સૂચનાઓ<br><br>* ઈન્સ્ટોલેશન મેન્યુઅલ/સૂચના<br><br>* ઓપરેશન (સંચાલન) મેન્યુઅલ /સૂચના<br><br>* ઈન્સ્પેક્શન (નિરીક્ષણ) મેન્યુઅલ/સૂચના (દૈનિક/સાપ્તાહિક/માસિક)<br><br>* મેન્ટેનન્સ અને રિપેર (જાળવણી અને સમારકામ) મેન્યુઅલ/સૂચના (દૈનિક/સાપ્તાહિક/ માસિક) | |
| ૮ | મહત્તમ ઓપરેટિંગ પેરામીટર્સ (Maximum Operating Parameters):<br><br>* મહત્તમ ઓપરેટિંગ ઊંચાઈ<br><br>* અન્ય કોઈપણ ઓપરેટિંગ/ હવામાન સંબંધિત મર્યાદા | |
| ૯ | રાઇડની ક્ષમતા (Capacity Of ride):<br><br>* રાઇડની મહત્તમ બેઠક ક્ષમતા | |
| ૧૦ | જરૂરી સ્ટાફની ન્યૂનતમ સંખ્યા (Minimum numbers of dedicated staff required):<br><br>* ઓપરેટર્સ<br><br>* ટેકનિશિયનો<br><br>* મેન્ટેનન્સ સ્ટાફ (જાળવણી સ્ટાફ)<br><br>* રાઇડ અટેન્ડન્ટ્સ (સહાયકો) | |

| | | |
|---|---|---|
| ૧૧ | રાઇડ માટે ઓપરેટર/ ટેકનિશિયનની શૈક્ષણિક લાયકાત અને જરૂરી ન્યૂનતમ અનુભવ (વર્ષોમાં):<br><br>* ઓપરેટર્સ<br><br>* ટેકનિશિયનો<br><br>* મેન્ટેનન્સ સ્ટાફ<br><br>* રાઇડ અટેન્ડન્ટ્સ | |
| ૧૨ | રાઇડપર બેસવા માટે વ્યક્તિગત મુસાફર (રાઇડર) માટેની આવશ્યકતાઓ / નિયમો.<br><br>● ન્યૂનતમ ઉંમર (Minimum Age)<br><br>● ન્યૂનતમ ઊંચાઈ (Minimum Height)<br><br>● મહત્તમ વજન (Maximum Weight) | |
| ભાગ-૨ (Part-2) | | |
| ઓપરેટિંગ લાયસન્સ મંજૂર કરવા / નવીનીકરણ (રીન્યુઅલ) કરવા માટે ઉપર દર્શાવેલ ૧ થી ૧૨ ઉપરાંત નીચે મુજબના દસ્તાવેજોની જરૂર પડશે. | | |
| ૧૩ | NDT રિપોર્ટ (નોન-ડિસ્ટ્રક્ટિવ ટેસ્ટિંગ રિપોર્ટ) | |
| ૧૪ | લાયકાત ધરાવતી વ્યક્તિ/ચાર્ટર્ડ એંજિનિયર/ લાયકાત ધરાવતી નિરિક્ષણ સંસ્થાનું પ્રમાણપત્ર, જે જિલ્લા મેજિસ્ટ્રેટ (કલેક્ટર) દ્વારા નક્કી કર્યા મુજબ 'જિલ્લા વોટરપાર્ક કમિટી' દ્વારા યોગ્ય રીતે ચકાસાયેલું હોવું જોઈએ. | |
| ૧૫ | રાઇડનો આજ દિન સુધી થયેલો ઉપયોગ - વર્ષ | |
| ૧૬ | રાઇડની છેલ્લી જાળવણી (maintenance) અને સમારકામ (repair) ની વિગતો. | |
| ૧૭ | રાઇડમાં જો કોઈ ફેરફાર (modification) કરવામાં આવ્યા હોય તો તેની વિગતો. | |
| ૧૮ | નિર્ધારિત સમય પત્રક મુજબની જાળવણી અને સમારકામ (દૈનિક/સાપ્તાહિક/માસિક) ની વિગતો દર્શાવતી લોગબુકની નકલ. | |
| | | |

**જોડાણ-૩ (Annexure-૩)**

**(નિયમ-૮ જુઓ)**

**(વોટરપાર્ક રાઇડ્સના નવા લાયસન્સની અરજી અને નવીનીકરણ (રીન્યુઅલ) વખતે નિરીક્ષણ (ઇન્સ્પેક્શન) માટે સબમિટ કરવાના દસ્તાવેજો અને ટેસ્ટ રિપોર્ટ)**

૧. વોટરપાર્ક રાઇડના ઉત્પાદક (Manufacturer) તરફથી મેળવવાના દસ્તાવેજો –

a. રાઇડનું ટેક્સ ઇન્વોઇસ (બિલ).

b. રાઇડના ઉત્પાદન માટેના લાગુ પડતા માનકો અથવા કોડ સહિત મંજૂર કરાયેલી ડિઝાઇન, (G A ડ્રોઈંગ) જનરલ એસેમ્બલી ડ્રોઈંગ જેમાં 'ટુ ધ સ્કેલ ડાયમેન્શન' (માપદંડ મુજબના માપ) અને ઘટકોની સામગ્રીનું બિલ સામેલ હોય, અથવા આ નિયમોના અમલ તારીખ પહેલાથી જ ઇન્સ્ટોલ કરેલી-જૂની રાઇડ્સના કિસ્સામાં લાયકાત ધરાવતીવ્યક્તિ/ઓ દ્વારા અપાયેલું ફિટનેસ પ્રમાણપત્ર, રાઇડની વિશિષ્ટતાઓ (specifications), સૂચિત સ્થાપના પદ્ધતિ (installation method) અને કાર્યો, સૂચિત ફેરફાર (modification) ની પદ્ધતિ અને કાર્યો.

c. રાઇડનું નિર્ધારિત આયુષ્ય (વર્ષમાં), સાથે ઓપરેટરની લાયકાત, રાઇડના સુરક્ષિત અને કાર્યક્ષમ સંચાલન માટે જરૂરી ઓપરેટરો અને માનવશક્તિ (સ્ટાફ) ની ન્યૂનતમ સંખ્યા.

d. વોટરપાર્ક રાઈડ્સના સંચાલનનું સમય પત્રક (Schedule of operation), સાયકલિક/ નિયત કાલીન નિરીક્ષણ (દૈનિક/ સાપ્તાહિક/ માસિક) અને સાયકલિક (દૈનિક/ સાપ્તાહિક/ માસિક) જાળવણી (maintenance).

e. રાઈડના ઇન્સ્ટોલેશન માટે જરૂરી ફાઉન્ડેશનનો પ્રકાર અને જમીનની ન્યૂનતમ લોડબેરિંગ કેપેસિટી (વજન સહન કરવાની ક્ષમતા).

f. બેઠક ક્ષમતા અને વજનના સંદર્ભમાં રાઇડની મહત્તમ ક્ષમતા.

g. લાયસન્સિંગ ઓથોરિટી (સત્તાધિકારી) દ્વારા નિર્ધારિત અન્ય કોઈપણ આવશ્યકતાઓ.

૨. વોટરપાર્ક રાઇડના સંચાલક અથવા આયોજક તરફથી રજુ કરવાના દસ્તાવેજો:

a. નમુનો-અ (ફોર્મ-A) માં નિર્ધારિત કર્યા મુજબની અરજી.

b. આ નિયમોના નિયમ-૧૫ માં ઉલ્લેખ કર્યા મુજબ પબ્લિક લાયબિલિટી ઇન્સ્યોરન્સ (જાહેર જવાબદારી વીમો).

c. લાયકાત ધરાવતી વ્યક્તિ/ઓ તરફથી રાઇડ ઇન્સ્ટોલેશન અને રેડી-ટુ-યુઝ (ઉપયોગ માટે તૈયાર) હોવાનું પ્રમાણપત્ર .

d. સંબંધિત સિવિલ એન્જિનિયરિંગ વિભાગ તરફથી સ્ટ્રક્ચર સ્ટેબિલિટી સર્ટિફિકેટ (માળખાકીય સ્થિરતા પ્રમાણપત્ર).

e. લાયકાત ધરાવતી વ્યક્તિ/ઓ તરફથી રાઇડ ઇન્સ્ટોલેશન લેઆઉટ પ્રમાણપત્ર:

f. નોન-ડિસ્ટ્રક્ટિવ ટેસ્ટિંગ રિપોર્ટ્સ સાથે લાયકાત ધરાવતી વ્યક્તિ/ઓ દ્વારા ઇન્સ્પેક્શન રિપોર્ટ.

g. ઈલેક્ટ્રિક કનેક્શન, અર્થિંગ, ઇલેક્ટ્રિકલ પ્રોટેક્શન અને આઇસોલેશન કંટ્રોલ પેનલ, કેબલ અને ફ્યુઝ/MCCB/MCB/RCCB ના માધ્યમથી ઓટોમેટિક ડિસ્કનેક્શન અંગે સંબંધિત ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગ તરફથી પ્રમાણપત્ર.

h. સંબંધિત ફાયર વિભાગ (અગ્નિશામક દળ) તરફથી ફાયર NOC નું પ્રમાણપત્ર.

i. દરેક રાઇડના છેલ્લા એક વર્ષની નિયમિત જાળવણી/ સમારકામ લોગ બુકની પ્રમાણિત નકલો.

j. લાયસન્સિંગ ઓથોરિટી (સત્તાધિકારી) દ્વારા નિર્ધારિત અન્ય કોઈ પણ આવશ્યકતાઓ

**જોડાણ-૪ (Annexure-4)**

**(જુઓ નિયમ ૩, ૭,૯)**

**વોટરપાર્ક માટેની સામાન્ય આવશ્યકતાઓ**

૧. દરેક પ્રવેશદ્વાર પાસે ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં નીચેની વિગતો દર્શાવતું ઓછામા ઓછુ ૫ફૂટ X ૫ફૂટનું ડિસ્પ્લે બોર્ડ (પ્રદર્શનબોર્ડ) હોવું આવશ્યક છે.

| ક્રમ | વિગતો |
|---|---|
| ૧ | લાઇસન્સિંગ સત્તાધિકારી તથા સંપર્ક નંબર |
| ૨ | લાઇસન્સ ધારકનું નામ, સરનામું અને સંપર્કનંબર |
| ૩ | લાઇસન્સની માન્યતાની તારીખ |
| ૪ | ફાયર NOC ની માન્યતાની તારીખ |
| ૫ | છેલ્લા નિરીક્ષણ (ઇન્સ્પેક્શન)ની તારીખ |
| ૬ | છેલ્લી મોકડ્રીલની તારીખ |
| ૭ | છેલ્લા ૨ વર્ષમાં બનેલી પ્રતિકૂળ/ અનિચ્છનીય ઘટનાઓની વિગતો |
| ૮ | પોલીસ કંટ્રોલરૂમ નંબર ૧૦૦ અને ૧૧૨ |

| | |
|---|---|
| ૯ | ફાયર (અગ્નિશામક) નંબર ૧૦૧ |
| ૧૦ | વ્યક્તિઓની સંખ્યામાં પરિસરની કુલ ક્ષમતા (કેપેસિટી) |

૨.વોટરપાર્કના લાઇસન્સ ધારકે એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે તમામ લાઇસન્સ, પરમિટ, મંજૂરીઓ, સત્તાધિકરણો (ઓથોરાઇઝેશન), પ્રમાણપત્રો, નોંધણીઓ (રજિસ્ટ્રેશન), પરવાનગીઓ (ડેવલપમેન્ટ પરમિશન સહિત), બાંધકામ, ધિરાણ (ફાઇનાન્સિંગ), સંચાલન, ઓપરેશન અને સુરક્ષા સંબંધિત તમામ મંજૂરીઓ મેળવી લેવામાં આવી હોય અને તે અમલમાં હોય.

૩. બંધપરિસર (ક્લોઝડપ્રિમાઇસિસ) અને કોઈ પણ માળખાના બાંધકામ માટે વપરાતી તમામ સામગ્રી ફાયર રિટાર્ડન્ટ (અગ્નિરોધક) અથવા વ્યાપક સામાન્ય વિકાસ નિયંત્રણ નિયમો (Comprehensive General Development Control Regulations) અનુસાર હોવી જોઈએ.

૪. વોટરપાર્કના સ્થળે ફાયર હાઇડ્રન્ટ/ સ્પ્રિંકલરસિસ્ટમ (પાણી છાંટવાની સિસ્ટમ) સ્થાપિત હોવી જોઈએ અને તેને દરેક સમયે ચાલુ/ કાર્યરત સ્થિતિમાં રાખવી પડશે.

૫. વોટરપાર્કના સ્થળે સેન્ટ્રલ ફાયર એલાર્મ સિસ્ટમ (કેન્દ્રીય અગ્નિ સૂચક પ્રણાલી) હોવી આવશ્યક છે.

૬. પરિસરમાં લોકો માટે અલગ અલગ પ્રવેશદ્વાર અને નિકાસદ્વાર (એન્ટ્રી અને એક્ઝિટ) ની યોગ્ય વ્યવસ્થા હોવી જોઈએ.

૭.વોટરપાર્કમા આપાત્તકાલિન સમયે સરળતાથી ફર્સ્ટ એઇડ સ્ટેશન (પ્રાથમિક સારવાર કેન્દ્ર) સુધી પહોંચી શકાય તેવા અને યોગ્ય લાઈટ વાળા સાઈનેજ (સૂચક ચિહ્નો) સાથે જગ્યા પ્રદાન કરવાની રહેશે.

૮. બિલ્ડિંગ સર્વિસીસ અને ઇલેક્ટ્રિકલ ઇન્સ્ટોલેશન માટે નેશનલ બિલ્ડિંગ કોડ ઓફ ઇન્ડિયા (National Building Code of India) માં પ્રકાશિત થયા મુજબનું પૂરતું ઇલેક્ટ્રિકલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સક્ષમ સત્તાધિકારી (Competent Authority) ના સંતોષ મુજબ તમામ બિલ્ડિંગોમાં પૂરું પાડવામાં આવશે.

૯. ઇમરજન્સી પાવર બેકઅપ સુવિધા નેશનલ બિલ્ડિંગ કોડ ૨૦૧૬ (National Building Code 2016) ની કલમ અનુસાર હોવી જોઈએ.

૧૦. વીજળી ઉત્પન્ન કરવા માટે કોઈ પણ પેટ્રોલ/ ડીઝલથી ચાલતા એન્જિનની મંજૂરી આપવામાં આવશે નહીં, સિવાય કે તેને ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ રેગ્યુલેશન્સ-૨૦૨૩ (Gujarat Fire Prevention & Life Safety Measures regulations-2023) મુજબ સુરક્ષિત અંતરે ફાયર- પ્રૂફ કમ્પાર્ટમેન્ટ (અગ્નિરોધક ખંડ) માં ગોઠવવામાં આવ્યું હોય.

૧૧. ફાયર સેફ્ટી અને બિલ્ડિંગ ઓક્યુપન્સી સર્ટિફિકેટ (મકાન વપરાશનું પ્રમાણપત્ર) અને અન્ય તમામ જરૂરી લાઇસન્સ તમામ બુકિંગ કાઉન્ટર્સ પાસે સ્પષ્ટપણે દેખાય તે રીતે પ્રદર્શિત કરવાના રહેશે.

૧૨. વોટરપાર્કના લાઇસન્સધારક/સંચાલકે ફાયર સેફ્ટી સર્ટિફિકેટ મેળવવા, ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફ્ટી મેઝર્સ એકટ-૨૦૧૩, ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફ્ટી મેઝર્સ (સુધારા) આદેશ-૨૦૨૧, ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફ્ટી મેઝર્સ રૂલ્સ-૨૦૧૪, ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફ્ટી મેઝર્સ (સુધારા) નિયમો-૨૦૨૧, ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઇફ સેફ્ટી મેઝર્સ (સુધારા) નિયમો-૨૦૨૩ મુજબ નિયમાનુસારની ફાયર પ્રોટેક્શન અને પ્રિવેન્શનની કામગીરી કરવાની રહેશે.

૧૩. તમામ ફિક્સ્ડ ફાયર પ્રોટેકશન સિસ્ટમ, રેસ્ક્યુ ઈક્વિપમેન્ટ, ઇમર્જન્સી ઇવેક્યુએશન પ્લાન અને વિવિધ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિઝર (SOP) નું નિયમિત પરીક્ષણ તથા જાળવણી કરવાની રહેશે.

૧૪. દરેક વોટર રાઈડ પાસે લાઇફ જેકેટ, લાઈફ બોયા (Life Buoy), બાસ્કેટ સ્ટ્રેચર, સ્પાઇન બોર્ડ, રેસ્ક્યુ રોપ ની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે.

૧૫.આપત્તિ સમયે ફિક્સ્ડ ફાયર પ્રોટેકશન સિસ્ટમ ને સંચાલિત કરી શકે તેમજ આ ફાયર સિસ્ટમ ને નિરંતર કાર્યરત રાખવા માટે લાયક અને તાલીમબદ્ધ સ્ટાફની નિમણૂક કરવાની રહેશે.

૧૬. આગ, અકસ્માત અથવા અન્ય ઇમરજન્સીમાં અગ્નિશમન વિભાગ (Fire Department),પોલીસ (Police), આરોગ્ય વિભાગ (Health Department) અને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ સાથે ત્વરિત સંકલન થઈ શકે તે અંગે Emergency response plan ની વ્યવસ્થા કરવાની રહેશે.

૧૭. ઇમરજન્સી એક્ઝિટ (કટોકટીમા નિકાસ) નો માર્ગ અને સાઈનેજ (સૂચકચિહ્નો) યોગ્ય રીતે પ્રકાશિત અને પ્રદર્શિત હોવા જોઈએ.

૧૮. તમામ ફ્લોરિંગ સ્લિપ-રેઝિસ્ટન્ટ (લપસી ન જવાય તેવું) હોવું જોઈએ.

૧૯. The Comprehensive General Development Control Regulations-2017ની જોગવાઈ અનુસાર પુરુષો અને મહિલાઓ માટે અલગ સેનિટેશન (શૌચાલય) ની સુવિધા હોવી જોઈએ.

૨૦. દરેક પ્રવેશ અને નિકાસદ્વાર પર ગ્રાહકોના માસિક ધોરણે રેકોર્ડ જળવવા કાઉન્ટર્સ હોવા જોઈએ અને ગ્રાહકો  નો રેકોર્ડ માસિક ધોરણે જાળવવાનો રહેશે.

## ફોર્મ -અ (FORM A)

### ભાગ-૧ (Part-I)

### (જુઓ નિયમો - ૩, ૭, ૯)

પ્રતિ,

જિલ્લામેજિસ્ટ્રેટશ્રી......................

વિષય: વોટરપાર્ક રાઇડ્સ સ્થાપિત કરવાની પરવાનગી / વોટરપાર્ક

રાઇડ્સના ઓપરેશન લાઇસન્સ મંજૂર કરવા/ રીન્યુ કરવા માટેની અરજી.

સાહેબશ્રી,

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં, હું/અમે ................................................. ........................................................................ .......................સ્થળે વોટરપાર્ક રાઇડ્સ સ્થાપિત કરવાની / ઓપરેશન લાઇસન્સ મંજૂર કરવા / રીન્યુ કરવા માટેની પરવાનગી મેળવવા માંગીએ છીએ (તારીખ ............................ થી ............................ સુધી).

નીચે સૂચિબદ્ધ તમામ જરૂરી દસ્તાવેજો અને પરમિટ/ લાઇસન્સ/ રીન્યુઅલ ફીનું ચલણ આ સાથે સામેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | અરજદારનું નામ | |
| ૨ | સરનામું | |
| ૩ | પત્રવ્યવહારનું સરનામું | |
| ૪ | સંપર્ક નંબર | |
| ૫ | ઇ મેઇલ આઇડી (Email id) | |
| ૬ | સંસ્થાનું નામ | |
| ૭ | સંસ્થાનો પ્રકાર | એકાંકી માલિકી (Sole Proprietorship) / ભાગીદારી (Partnership) / મર્યાદિત જવાબદારી ભાગીદારી (LLP) / કંપની (Company) / અન્ય (સ્પષ્ટકરો) ......................................... ............... |
| ૮ | આયોજક(Organizer)ની GST નોંધણીની વિગતો | |
| ૯ | આયોજક(Organizer)ની પાનકાર્ડ (PAN Card) ની વિગતો | |
| ૧૦ | ભાગીદારો/ડાયરેક્ટરોની યાદી અથવા માલિકનું નામ | |
| ૧૧ | સંસ્થામાટે એક્રેડિટેશન/પ્રમાણપત્ર (Certification) ની વિગતો | |

| | | |
|---|---|---|
| ૧૨ | જે સ્થળે વોટરપાર્ક રાઇડ્સ ની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે તે સ્થળ<br>સ્થળ:<br>વિસ્તાર (area): | |
| ૧૩ | સ્થાપિત/સંચાલિત કરવાની વોટરપાર્ક રાઇડ્સ ની યાદી | |
| ૧૪ | સ્ટાફની સંખ્યા (Staff Strength) | |
| ૧૫ | સ્ટાફની લાયકાત અને અનુભવની વિગતો | |
| ૧૬ | ફોટોગ્રાફ્સ સાથે રાઇડ્સની યાદી (ઉત્પાદકની વિગતો, ખરીદીનું વર્ષ, નિભાવણી/ મેઇન્ટેનન્સની વિગતો, પ્રમાણપત્ર) સુરક્ષા સાધનો/ ઉપકરણો, બચાવ સાધનો/ ઉપકરણો વોટરપાર્ક રાઇડ્સ /સાધનો | |
| ૧૭ | આયોજક અને ઓપરેટર માટે લાયકાતનું પ્રમાણપત્ર, નામ, હોદ્દો, સરનામાના પુરાવા અને સંપર્ક વિગતો સાથેની સ્ટાફની યાદી સ્થળનો નકશો અને ફોટોગ્રાફ્સ મંજૂર કરાયેલ પ્લાન (ઇન્સ્ટોલેશન પરમિટના કિસ્સામાં) | |
| ૧૮ | પ્રાથમિક સુવિધા અને પ્રાથમિક સારવાર (ફર્સ્ટ એઇડ) ની સુવિધાનો ફોટોગ્રાફ (ઓપરેટિંગ લાઇસન્સના કિસ્સામાં) | |
| ૧૯ | કટોકટીના સમયે બહાર નીકળવાનો પ્લાન (ઇમરજન્સી એક્ઝિટ પ્લાન) | |
| ૨૦ | લાયકાત ધરાવતીવ્યક્તિ/ વ્યક્તિઓ તરફથી પ્રમાણપત્ર | |
| ૨૧ | ફી | |

આ બાબતે પરવાનગી આપવા આપને વિનંતી છે.

સહિ અને સ્ટેમ્પ

(માલિક/ અરજદાર/સંચાલક)

**ફોર્મ -અ (FORM A)**

**ભાગ-૨ (Part-II)**

**(જુઓ નિયમો - ૩, ૭, ૯)**

| **ક્રમ** | **વિગત** | **વર્ણનવિગતો** |
|---|---|---|
| ૧ | રાઇડનું નામ / રાઇડનો પ્રકાર | |
| ૨ | ઉત્પાદકનું નામ, સરનામું અને સંપર્ક નંબર | |
| ૩ | ઉત્પાદનનું વર્ષ (ઇન્વોઇસ/ બિલજોડવું) | |
| ૪ | રાઇડનું આયુષ્ય - વર્ષ | |
| ૫ | મંજૂર થયેલી ડિઝાઇન, જનરલ એસેમ્બલી ડ્રોઈંગ (G A ડ્રોઈંગ) જેમાં 'ટુ ધ સ્કેલ ડાયમેન્શન' (માપદંડ મુજબના માપ) અને રાઇડના ઘટકોની સામગ્રીનું બિલ સામેલ હોય, અથવા અગાઉથી ઇન્સ્ટોલ કરેલી- જૂની રાઇડ્સના કિસ્સામાં લાયકાત ધરાવતી વ્યક્તિ/ઓ દ્વારા અપાયેલું ફિટનેસ પ્રમાણપત્ર. | |
| ૬ | રાઇડના ઇન્સ્ટોલેશન માટે જરૂરી ફાઉન્ડેશન (પાયા) નો પ્રકાર અને જમીનની ન્યૂનતમ લોડ બેરિંગ કેપેસિટી (વજન સહન કરવાની ક્ષમતા). | |

| | | |
|---|---|---|
| ૭ | મેન્યુઅલ / સૂચનાઓ<br><br>* ઇન્સ્ટોલેશન મેન્યુઅલ/સૂચના<br><br>* ઓપરેશન (સંચાલન) મેન્યુઅલ /સૂચના<br><br>* ઇન્સ્પેક્શન (નિરીક્ષણ) મેન્યુઅલ/સૂચના (દૈનિક/સાપ્તાહિક/માસિક)<br><br>* મેન્ટેનન્સ અને રિપેર (જાળવણી અને સમારકામ) મેન્યુઅલ/સૂચના (દૈનિક/સાપ્તાહિક/ માસિક) | |
| ૮ | મહત્તમ ઓપરેટિંગ પેરામીટર્સ (Maximum Operating Parameters):<br><br>* મહત્તમ ઓપરેટિંગ ઊંચાઈ<br><br>* અન્ય કોઈપણ ઓપરેટિંગ/ હવામાન સંબંધિત મર્યાદા | |
| ૯ | રાઇડની ક્ષમતા (Capacity Of ride):<br><br>* રાઈડની મહત્તમ બેઠક ક્ષમતા | |
| ૧૦ | જરૂરી સ્ટાફની ન્યૂનતમ સંખ્યા (Minimum numbers of dedicated staff required):<br><br>* ઓપરેટર્સ<br><br>* ટેકનિશિયનો<br><br>* મેન્ટેનન્સ સ્ટાફ (જાળવણી સ્ટાફ)<br><br>* રાઈડ અટેન્ડન્ટ્સ (સહાયકો) | |
| ૧૧ | રાઈડ માટે ઓપરેટર/ ટેકનિશિયનની શૈક્ષણિક લાયકાત અને જરૂરી ન્યૂનતમ અનુભવ (વર્ષોમાં):<br><br>* ઓપરેટર્સ<br><br>* ટેકનિશિયનો<br><br>* મેન્ટેનન્સ સ્ટાફ<br><br>* રાઈડ અટેન્ડન્ટ્સ | |
| ૧૨ | રાઇડપર બેસવા માટે વ્યક્તિગત મુસાફર (રાઈડર) માટેની આવશ્યકતાઓ / નિયમો.<br><br>● ન્યૂનતમ ઉંમર (Minimum Age)<br><br>● ન્યૂનતમ ઊંચાઈ (Minimum Height)<br><br>● મહત્તમ વજન (Maximum Weight) | |

સહિ અને સ્ટેમ્પ

(માલિક/ અરજદાર/સંચાલક)

## નમુનો-બ (FORM B)

## વોટરપાર્ક રાઈડ્સ ઈન્સ્ટોલ (સ્થાપિત) કરવા માટેની મંજૂરી

## (નિયમ ૩ જુઓ)

| |
|---|
| સહી સાથે અરજદારના ફોટોગ્રાફ માટેની જગ્યા |

વોટરપાર્ક રાઈડ્સ ઈન્સ્ટોલેશન પરમિટ લાઈસન્સ

નંબર.................

ફી રૂ.........................

૧. વોટરપાર્ક રાઈડ્સ ઈન્સ્ટોલ કરવા માટેની પરમિટ આમને આપવામાં આવે છે:

નામ: ..........................................................................................................

કાયમી સરનામું: ..................................................................................................................................

શહેર/ગામ: ........................ તાલુકો : ........................ શહેર: ........................ જિલ્લો : ........................ રાજ્ય : ........................
પિનકોડ: ........................ પોલીસ સ્ટેશન: ................................................

ફોન: ........................ ઈમેઈલ : ........................ ફેક્સ: ........................

૨. સરનામું જ્યાં વોટરપાર્ક રાઈડ્સ ઈન્સ્ટોલ કરવાની છે:

સરનામું: .........................................................................................

સર્વે નંબર: ...................................................................

શહેર/ગામ: ........................ તાલુકો: ........................

જિલ્લો : ........................ રાજ્ય: ........................ પિનકોડ: ........................

પોલીસ સ્ટેશન: ........................ ફોન: ................................................

ઈ મેઈલ: ........................ફેક્સ: ........................

૩.પરમિટની સ્થિતિ (જો અગાઉ કોઈ મેળવેલ હોય તો): ............................................................

૪. ઉક્ત પરમિટ માત્ર નીચે દર્શાવેલ વોટરપાર્ક રાઈડ્સના ઈન્સ્ટોલેશન માટે જ માન્ય છે:

............................................................

............................................................

............................................................

............................................................

............................................................

૫. પરવાનાવાળી જગ્યા (લાઈસન્સવાળી જગ્યા) માં નીચેની સુવિધાઓ શામેલ છે:

..................................................................................................................................................................

..................................................................................................................................................................

..................................................................................................................................................................

..................................................................................................................................................................

..................................................................................................................................................................

૬. ઈન્સ્ટોલ કરવામાં આવનારી વોટરપાર્ક રાઇડ્સ ફોર્મ-A ના ભાગ-II માં દર્શાવેલ વિગતોને અનુરૂપ હોવી જોઈએ.

૭.આ લાઈસન્સ તેના હેઠળ ઘડવામાં આવેલા વડોદરા (પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાય) વડોદરા જિલ્લા માટેના વોટરપાર્કના નિયમો-૨૦૨૬ ની જોગવાઈઓ અને શરતો, વધારાની શરતો તેમજ પરિશિષ્ટોને આધીન આપવામાં આવે છે:

(1) ઉપર ક્રમ નંબર ૬માં જણાવ્યા મુજબના ડ્રોઈંગ્સ (સ્થળ, બાંધકામ અને અન્ય વિગતો દર્શાવતા).

(2) લાઈસન્સિંગ સત્તાધિકારી દ્વારા સહી કરાયેલ આ લાઈસન્સની શરતો.

૮. આ લાઈસન્સ તારીખ ......................થી................... સુધી માન્ય રહેશે, તે પહેલાં ઈન્સ્ટોલેશનની તમામ કામગીરી પૂર્ણ કરવાની રહેશે અને તે અંગે લાઈસન્સિંગ સત્તાધિકારીને જાણ કરવાની રહેશે.

આ કાયદા અથવા તેના હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા આ લાઈસન્સની શરતોના કોઈપણ ઉલ્લંઘન માટે, અથવા જો લાઈસન્સવાળી જગ્યા આ સાથે જોડેલા પ્લાન અને પરિશિષ્ટમાં દર્શાવેલા વર્ણન અનુસાર ન માલૂમ પડે, તો આ લાઈસન્સ મોકૂફ (સસ્પેન્ડ) અથવા રદ થવાને પાત્ર છે.

તારીખ: / /૨૦ લાઈસન્સિંગ સત્તાધિકારીની સહી, હોદ્દો અને સિક્કો

[જિલ્લામેજિસ્ટ્રેટ]

**વૈધાનિક ચેતવણી:** વડોદરા (પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાય) "વડોદરા જિલ્લા માટેના વોટરપાર્કના નિયમો-૨૦૨૬" ની કોઈપણ જોગવાઈઓનો ભંગ કરવો અને ખોટી માહિતી આપવી, એ નિયમ-૧૧ મુજબ ગંભીર શિક્ષાત્મક પગલાં અને લાગુ પડતા કાયદા હેઠળ ફોજદારી ગુનો નોંધવાને પાત્ર રહેશે.

શરતો (CONDITIONS)

(1) ...........................................................................................

(2) ...........................................................................................

(3) ...........................................................................................

(4) ...........................................................................................

(5) ...........................................................................................

(6) ...........................................................................................

(7) ...........................................................................................

(8) ...........................................................................................

(9) ...........................................................................................

(10)...............................................................................................

## નમુનો-ગ (FORM C)

## વોટરપાર્ક સંચાલન / નવિનીકરણ (રીન્યુ) માટેના પરવાનાની મંજૂરી

**(નિયમ -૭, ૯ જુઓ)**

| |
|---|
| સહી સાથે<br>અરજદારના<br>ફોટોગ્રાફ<br>માટેની જગ્યા |

વોટરપાર્ક રાઇડ્સ સંચાલન લાઇસન્સ

નંબર................................

ફી રૂ.........................

૧. વોટરપાર્ક રાઇડ્સના સંચાલન (ઓપરેશન) માટેનું લાઇસન્સ આમને આપવામાં આવે છે:

નામ: ...........................................................................................

કાયમી સરનામું: ...........................................................................................

શહેર/ગામ: ................................ તાલુકો: ................................. શહેર: ..................................

જિલ્લો: ................................... રાજ્ય: ................................... પિનકોડ: .................................

પોલીસ સ્ટેશન: .........................................................

ફોન: ...................................... ઈ મેઈલ: ......................................... ફેક્સ: ......................................

૨. સરનામું જ્યાં વોટરપાર્ક રાઇડ્સ ઇન્સ્ટોલ (સ્થાપિત) કરેલી છે:

સરનામું: ..............................................................................................................

સર્વેનંબર: ...............................................................................

શહેર/ગામ: .................................... તાલુકો: ......................................

જિલ્લો: ................................... રાજ્ય: .................................. પિનકોડ: ...............................

પોલીસ સ્ટેશન: ................................... ફોન: .............................................................

ઈમેઈલ: ................................... ફેક્સ: ....................................

૩. ઈન્સ્ટોલેશન પરમિટની સ્થિતિ (મેળવેલ છે હા/ના): .......................................................................

૪. ઉક્ત લાઇસન્સ માત્ર નીચે દર્શાવેલ વોટરપાર્ક રાઇડ્સના સંચાલન (ઓપરેશન) માટે જ માન્ય છે:

...........................................................

...........................................................

...........................................................

...........................................................

૫.પરવાનાવાળી જગ્યા (લાઇસન્સવાળી જગ્યા)માં નીચેની સુવિધાઓ શામેલ છે:

.....................................................................................................................................................

.....................................................................................................................................................

.....................................................................................................................................................

.....................................................................................................................................................

.....................................................................................................................................................

૬. ઇન્સ્ટોલ કરવામાં આવનારી વોટરપાર્ક રાઇડ્સ ફોર્મ-A ના ભાગ-II માં દર્શાવેલ વિગતોને અનુરૂપ હોવી જોઈએ.

૭. આ લાઇસન્સ તેના હેઠળ ઘડવામાં આવેલા વડોદરા (પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાય) "વડોદરા જિલ્લા માટેના વોટરપાર્કના નિયમો-૨૦૨૬" ની જોગવાઈઓ અને શરતો, વધારાની શરતો તેમજ પરિશિષ્ટોને આધીન આપવામાં આવે છે:

(૧) ઉપર ક્રમ નંબર ૬માં જણાવ્યા મુજબના ડ્રોઈંગ્સ (સ્થળ, બાંધકામ અને અન્ય વિગતો દર્શાવતા).

(૨) લાઇસન્સિંગ સત્તાધિકારી દ્વારા સહી કરાયેલ આ લાઇસન્સની શરતો.

૮. આ લાઇસન્સ તારીખ ............................ થી તારીખ ............................ સુધી માન્ય રહેશે.

૯. આ લાઇસન્સના નવીનીકરણ (રીન્યુઅલ) માટેની અરજી લાઇસન્સની મુદત પૂરી થવાના ઓછામાં ઓછા ૪૫ દિવસ પહેલાં નીચે સહી કરનારને મળવી જોઈએ.

આ કાયદા અથવા તેના હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા આ લાઇસન્સની શરતોના કોઈપણ ઉલ્લંઘન માટે, અથવા જો લાઇસન્સવાળી જગ્યા આ સાથે જોડેલા પ્લાન અને પરિશિષ્ટમાં દર્શાવેલા વર્ણન અનુસાર ન માલૂમ પડે, તો આ લાઇસન્સ મોકૂફ (સસ્પેન્ડ) અથવા રદ થવાને પાત્ર છે.

તારીખ: / /૨૦ લાઇસન્સિંગ સત્તાધિકારીની સહી, હોદ્દો અને સિક્કો

[જિલ્લામેજિસ્ટ્રેટ]

**વૈધાનિક ચેતવણી:** વડોદરા (પોલીસ કમિશનરેટ વિસ્તાર સિવાય) "વડોદરા જિલ્લા માટેના વોટરપાર્કના નિયમો-૨૦૨૬" ની કોઈપણ જોગવાઈઓનો ભંગ કરવો અને ખોટી માહિતી આપવી, એ નિયમ-૧૧ મુજબ ગંભીર શિક્ષાત્મક પગલાં અને લાગુ પડતા કાયદા હેઠળ ફોજદારી ગુનો નોંધવાને પાત્ર રહેશે.

શરતો (CONDITIONS)

(1) ...............................................................................................

(2) ...............................................................................................

(3) ...............................................................................................

(4) ...............................................................................................

(5) ...............................................................................................

(6) ...............................................................................................

(7) ...............................................................................................

(8) ...............................................................................................

(9) ...............................................................................................

(10)...............................................................................................

વડોદરા તા.૫મી ઓગસ્ટ, ૨૦૨૬

**અનિલ ધામેલીયા**
જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા

-----------------------

Government Press & Stationery, Vadodara.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.06 22:05:08 IST